# ॥ श्रीस्वाभाविकधर्म ॥

યોજનાર

## ब्रह्मनिष्ठ महाराज श्रीनथुरामशर्मा.

પ્રકટ કરનાર

અમરજી આનંદજી કચ્છી.

જૂનાગઢ. કાઠિયાવાડ.

નવી આવૃત્તિ.

શાકે ૧૮૨૬. સંવત ૧૯૬૦. ખ્રીસ્તાબ્દ ૧૯૦૪.

મૂલ્ય રૂ. ૦-૪-૦.

ॐ

# ॥ श्रीस्वाभाविकधर्म ॥

યોજનાર

ब्रह्मनिष्ठ महाराज श्रीनथुरामशर्मा.

પ્રસિદ્ધ કરનાર

અમરજી આનંદજી કચ્છી.

જૂનાગઢ. કાઠિયાવાડ.

નવી આવૃત્તિ.

શાકે ૧૮૨૬. સંવત ૧૯૬૦. ખ્રીસ્તાબ્દ ૧૯૦૪.

મૂલ્ય રૂ. ૦-૪-૦

અમદાવાદ.

ખમાસાના ચકલે "નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં

લલ્લુભાઇ ઇશ્વરદાસ ત્રિવેદીએ

છાપ્યું.

# ॥ श्रीस्वाभाविकधर्म ॥

## મંગલાચરણ.

### મનહરછંદ.

અસ્તિ–ભાતિ–પ્રિયરૂપે સર્વમાં એક જ છતાં,
નામરૂપે સર્વમાં જે વિભિન્ન જણાયછે;
નામરૂપ ઉપાધિનો વિવેકથી બાધ થતાં,
નિત્ય જ્ઞાન સુખરૂપ તે અનુભવાયછે;
સ્થૂળઆદિ શરીરોનો બાધ થતાં એવીરીતે,
દેહભાવ ટળી જઇ ચૈતન્ય ભળાયછે;
જીવ ને જગત એ બે વાસ્તવિક બ્રહ્મરૂપ,
એવો હિતતમ બોધ વેદમાં અપાયછે. ૧

સ્વભાવને અનુસરતો એટલે સ્વભાવની પ્રાપ્તિ કરાવનારો જે ધર્મ તે સ્વાભાવિકધર્મ કહેવાયછે. ઇશ્વર, જીવ, ને જગતની વાસ્તવિક સ્થિતિ વા સ્વરૂપને અહિં સ્વભાવ કહેલ છે. તે ત્રણેનું વાસ્તવિકસ્વરૂપ બ્રહ્મ છે. સર્વથી અધિક વ્યાપક સૂક્ષ્મતમ વસ્તુ બ્ર-

હ્મ કહેવાયછે. એ બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવનારાં નિકટનાં સાધનો જે સાધકને તે સ્વરૂપની પ્રાપ્તિ કરવામાટે કર્તવ્યરૂપ ગણાયછે તેમનું સંક્ષિપ્ત નિરૂપણ આ લેખમાં કરેલું હોવાથી આ લેખનું નામ **સ્વાભાવિકધર્મ** રાખવામાં આવ્યું છે. કોઇ ઇશ્વરનું સ્વરૂપ ઓળખવા યત્ન કરેછે, કોઇ જગત્નું વાસ્તવિક સ્વરૂપ શોધવા પ્રયત્નશીળ રહેછે, કોઇ જીવનું શુદ્ધ સ્વરૂપ જાણવા ઉદ્યોગ સેવેછે, ને કોઇ એ ત્રણેના સ્વરૂપનો વિચાર નહિ કરતાં અંતરમાં દાહ ઉપજાવનારા દુઃખનો અત્યંત ઉચ્છેદ કરવા વિષયતૃષ્ણાના ત્યાગમાટે યત્ન આદરેછે. એ ચારે પ્રકારના ઉદ્યોગ એકદેશી જણાયછે, સર્વદેશી જણાતા નથી, કેમકે તેમાં ભેદબુદ્ધિ જે ભયનો હેતુ છે, તે અત્યંત નાશ પામતી નથી, અને ઇશ્વર, જીવ, ને જગત્ના વાસ્તવિક સ્વરૂપનું યથાયોગ્ય શોધન કરવાથી બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર થયે વિષયતૃષ્ણાનો અજ્ઞાનરૂપ મૂળસહિત ઉચ્છેદ થવાથી તે શોધન કરનારનાં સર્વ દુઃખોનો અત્યંત નાશ થઇ તે પરમાનંદરૂપ થાયછે. ઇશ્વર, જીવ, ને જગત્ એ ત્રણેની સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, ને અધિષ્ઠાન એવી ચાર સ્થિતિ છે, તેમાં પહેલી ત્રણ સ્થિતિ કલ્પિત ને ચોથી સ્થિતિ સત્ય છે. સમષ્ટિસ્થૂળશરીરના અભિમાની ઇશ્વર **વિરાટ્**, સમષ્ટિસૂક્ષ્મશરીરના અભિમાની ઇશ્વર **હિરણ્યગર્ભ**, ને માયારૂપ કારણશરીરના અભિમાની ઇશ્વર **અંતર્યામી** કહેવાયછે. ઇશ્વરના કારણશરીરનું અધિષ્ઠાન બ્રહ્મ એ ઇશ્વરની ચોથી સ્થિતિ છે. એક સ્થૂળશરીરનો અભિમાની જીવ **વિશ્વ**, એક સૂક્ષ્મશરીરનો અભિમાની જીવ **તૈજસ**, ને અવિદ્યાના અંશરૂપ કારણશરીરનો અભિમાની જીવ **પ્રાજ્ઞ** કહેવાયછે. જીવના કારણશરીરનું અધિષ્ઠાન કૂટસ્થ ( લૂહારની એરણ-

ના જેવું વિકારરહિત ચેતન ) છે, તે બ્રહ્મરૂપ જ છે. સર્વ ભૌતિકપદાર્થો પંચીકૃતભૂતરૂપ છે, તેથી સર્વ જગત્નું સ્થૂળરૂપ પંચીકૃતભૂતરૂપ છે. પંચીકૃત ભૂતો અપંચીકૃત ભૂતોમાંથી ઉપજ્યાં છે, માટે સર્વ પદાર્થોનું સૂક્ષ્મરૂપ અપંચીકૃત ભૂતરૂપ છે. પૃથિવી, જળ, તેજ, વાયુ, ને આકાશ એ પાંચ ભૂતોનાં નામો છે. એ પાંચ ભૂતો એકબીજામાં મળી સ્થૂળ ન થયાં હોય ત્યારે તે અપંચીકૃતભૂતો કહેવાયછે, ને જ્યારે તેઓ પરસ્પર મળી સ્થૂળ થાયછે, ત્યારે તેઓ પંચીકૃતભૂતો કહેવાયછે. એ અપંચીકૃતભૂતોનું કારણ માયા છે, તેથી સર્વ પદાર્થોની ત્રીજી અવસ્થા માયા છે. એ માયાનું અધિષ્ઠાન બ્રહ્મ છે. એવીરીતે ઈશ્વર, જીવ, ને જગત્ એ ત્રણેની ચોથી અવસ્થા બ્રહ્મ હોવાથી એ સર્વનો વાસ્તવિક સ્વભાવ બ્રહ્મ છે. એ સ્વભાવને ગુરુશાસ્ત્રદ્વારા યથાર્થ જાણી તેમાં વિરામવાથી જ જીવ કૃતાર્થ થાયછે. સંસ્કારની ભિન્નતાથી રુચિનો ભેદ હોયછે, ને રુચિના ભેદથી કોઇને ઈશ્વરસ્વરૂપના શોધમાં, કોઇને જીવના સ્વરૂપના શોધમાં, ને કોઇને જગત્ના સ્વરૂપના શોધમાં પ્રીતિ હોયછે. તેઓ જો તેમાંના કોઇએકના સ્વરૂપને યથાર્થ જાણી અંતે અભેદ અનુભવે તો તેઓ પણ કૃતાર્થ થાયછે. હવે એ ત્રણેનું વાસ્તવિક સ્વરૂપ શોધવામાં જે સાધનોની અગત્ય છે તે સાધનોનું નિરૂપણ થાયછે.

બ્રહ્મનું સ્વરૂપ સૂક્ષ્મતમ—અત્યંતસૂક્ષ્મ—છે, માટે તે બ્રહ્મનો સાક્ષાત્કાર કરવામાટે સાધકે પોતાની બુદ્ધિને સૂક્ષ્મતમ કરવી જોઇએ. માત્ર સ્થૂળવિષયોમાં જ રમણ કરનારી બુદ્ધિ સ્થૂળ હોયછે, તેને સ્વર્ગ મેળવવાની ઇચ્છા હોય તો સ્વર્ગના સૂક્ષ્મ વિષયોમાં પ્રવેશ કરાવવાસારુ શાસ્ત્રવિહિતકર્મવડે સૂક્ષ્મ, સત્યલોક મેળવવાની ઇચ્છા

હોય તો તેને સત્યલોકના સૂક્ષ્મતર વિષયોમાં પ્રવેશ કરાવવામાટે અહંગ્રહઉપાસનાદિવડે સૂક્ષ્મતર, ને સદ્યોમોક્ષની ઇચ્છા હોય તો તેને બ્રહ્મરૂપ સૂક્ષ્મતમ વિષયમાં પ્રવેશ કરાવવામાટે પ્રત્યગભિન્નબ્રહ્મના વિચારથી સૂક્ષ્મતમ કરવી જોઇએ. બુદ્ધિ શ્રોત્રઆદિ ઇંદ્રિયોદ્વારા બહારના શબ્દઆદિ સ્થૂળ વિષયોને ગ્રહણ કરેછે. એ ઇંદ્રિયો પોતપોતાના અનુકૂળ વિષયોને ગ્રહણ કરવામાં બહુ આતુર હોયછે, તેથી પોતપોતાનો અનુકૂળ વિષય સમીપ આવે તેઓ બુદ્ધિને બળાત્કારથી પોતપોતાના વિષયભણી ખેંચેછે, માટે સાધકે ઇંદ્રિયોની વિષયોભણીની દોડ દૂર કરવા વિષયોના વાસ્તવિક અપકારકપણાને સારી રીતે જાણવું જોઇએ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ એ પાંચ વિષયો અનુક્રમે શ્રોત્ર, ત્વચા, નેત્ર, જીભ, ને નાક એ પાંચ જ્ઞાનેંદ્રિયોના છે. શ્રીસદ્ગુરુની શ્રીઇશ્વરની તત્ત્વવેત્તાઓની સતશાસ્ત્રની માતપિતાની મિત્રની ને અન્ય કોઇની નિંદા સાંભળવામાં, નિરર્થક એટલે જે વાતો સાંભળવાથી પોતાનું કે સામાનું હિત સધાવા સંભવ નથી એવી વાતો સાંભળવામાં, અને હૃદયમાં રાગદ્વેષની વૃદ્ધિ થાય એવી વાતો સાંભળવામાં કાનનો ઉપયોગ કરવો એ તેનો દુરુપયોગ છે, અને જ્ઞાન ભક્તિ યોગ નિષ્કામકર્મ ને શુદ્ધવ્યવહારને સિદ્ધ કરનારાં સાધનોનું વા તે સાધનો સિદ્ધ કરવામાં ઉત્સાહ વધે એવી વાતોનું શ્રવણ કરવું, સદ્ગુરુની તથા માતપિતાની આજ્ઞાનું શ્રવણ કરવું, અને પોતાના પ્રાપ્તવ્યવહારમાં સાક્ષાત્ વા પરંપરાવડે ઉપયોગી હોય તે વાતો સાંભળવી એ કાનનો સદુપયોગ છે; પરદારાનો, પ્રજોત્પત્તિના હેતુને ભૂલી રાગને વશ થઇ સ્વદારાનો, રાગપૂર્વક બાળકોનાં મુખાદિનો, ને વિષયમાં અનુરાગ ઉપજાવનાર વસ્ત્રઅલંકારાદિનો

સ્પર્શ કરવો એ ત્વચાનો દુરુપયોગ છે, અને શ્રીસદ્દગુરુના શ્રીઈશ્વરની પ્રતિમાના તત્ત્વવેત્તા પુરુષોના ને માતપિતાઆદિના ચરણકમળનો સ્પર્શ કરવો, પોતાની સંમુખ રહેલા ચૈતન્યનો ભાવનાપૂર્વક સ્પર્શ કરવો, ને હૃદયમાં સાત્ત્વિકભાવની વૃદ્ધિ કરનાર અન્ય વસ્તુઓનો સ્પર્શ કરવો એ ત્વચાનો સદુપયોગ છે; અન્યની સ્ત્રિઓને અન્યનાં બાળકોને ને અન્યનાં વસ્ત્રાભૂષણાદિને રાગપૂર્વક જોવાં, કોઇ પદાર્થને દ્વેષપૂર્વક જોવો, કામોત્પાદક ગ્રંથો વાંચવા, નઠારાં નાટકો જોવાં, ને પ્રયોજનવિના જે તે વસ્તુઓ જોયા કરવી એ નેત્રનો દુરુપયોગ છે, અને શ્રીસદ્દગુરુનું શ્રીઇશ્વિરની પ્રતિમાનું તત્ત્વવેત્તા પુરુષનું ને માતપિતાઆદિનું શુદ્ધભાવપૂર્વક દર્શન કરવું, સત્શાસ્ત્રો વાંચવાં, વિશ્વમાં ઈશ્વરનો મહિમા નિહાળવો, ને દીનજનોભણી દયાની દૃષ્ટિથી જોવું એ નેત્રનો સદુપયોગ છે; અનુચિત આવેશ ઉપજાવનારી વા મદ ઉપજાવનારી વસ્તુઓ ખાવીપીવી, શાસ્ત્રમાં નિષેધ કરેલી વસ્તુઓ ખાવીપીવી, અપથ્ય વસ્તુઓ ખાવીપીવી, તથા સ્વાદને વશ થઇ અત્યાહાર કરવો એ જીભનો દુરુપયોગ છે, ને પ્રાણધારણમાટે હિતકર, શુભબળવર્ધક, ને પરિમિત ખાવુંપીવું એ જીભનો સદુપયોગ છે; દુરાચરણી મનુષ્યોએ વાપરેલાં પુષ્પઅત્તરાદિ સુંઘવાં, કામ ઉત્પન્ન કરે એવા અપવિત્ર ગંધો સુંઘવા, ને રાગપૂર્વક પુષ્પઅત્તરાદિ સુંઘવાં એ નાસિકાનો દુરુપયોગ છે, અને સત્પુરુષોને કે શ્રીઇશ્વિરની પ્રતિમાને કોઇ ભક્તજને શ્રદ્ધાભક્તિપૂર્વક પુષ્પ ચંદન કે અત્તર અર્પણ કર્યાં હોય ને તે પ્રસાદિરૂપે પ્રાપ્ત થાય તો તેવાં પુષ્પ ચંદન કે અત્તરનો ગંધ લેવો, અથવા ચૈતન્યમાં અલૌકિક સુગંધની ભાવના કરી તેનો ગંધ લેવો એ નાસિકાનો સદુપયોગ છે.

શ્રોત્રાદિ પાંચે જ્ઞાનેંદ્રિયોનો દુરુપયોગ જીવની અધોગતિ કરનાર છે, ને તેમનો સદુપયોગ જીવની ચઢતી કળા વા ચિત્તશુદ્ધિદ્વારા જ્ઞાન ઉપજાવનાર છે, માટે પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે તેમનો દુરુપયોગ નહિ કરતાં તેમનો સદુપયોગ કરવા પ્રયત્નવાન્ રહેવું જોઇએ. વાણી હાથ ને પગનો પણ સમજુએ સદુપયોગ કરવો, પરંતુ દુરુપયોગ ન કરવો. ગુરુ ઇશ્વિર તત્ત્વવેત્તા શાસ્ત્ર માતપિતા મિત્ર ને અન્ય જનોની નિંદા કરવી, કોઇને અપશબ્દો કહેવા, કઠોર વચનો બોલવાં, મિથ્યા ભાષણ કરવું, સાધારણવાતમાં વચન આપી દેવું વા પ્રતિજ્ઞા કરી દેવી, અભિમાનયુક્ત વચનો બોલવાં, નિરર્થક બોલવું, કોઇનું હાસ્ય કરવું, કોઇનું અહિત થાય એવું બોલવું, કોઇ વાત કરતા હોય તેમાં વચ્ચે બોલવું, સામાને ન સમજાય એવું જાણી જોઇને બોલવું, ગુરુજનોની સમીપમાં સંકેતવાળું વા ગુપ્ત બોલવું, કપટપૂર્વક બે અર્થવાળું બોલવું, કોઇનાં મિથ્યા વખાણ કરવાં, કોઇની ગુપ્ત વાત પ્રકટ કરવી, ને સ્વપરને કામ ઉત્પન્ન કરે એવાં નઠારાં ગાયનો ગાવાં એ વાણીનો દુરુપયોગ છે, અને પરમાત્માના નામનો કે કોઇ પવિત્રમંત્રનો જપ કરવો વા પરમાત્માના મહિમાનું કે વૈરાગ્યાદિ સાધનોમાં રુચિ વધારનારું વા તત્ત્વનું ભાન કરાવનારું ગાયન કરવું, ને સત્ય પ્રિય હિતકર ને વિનયયુક્ત બોલવું એ વાણીનો સદુપયોગ છે; કોઇને માર મારવો, કોઇ પ્રાણીની હિંસા કરવી, ચોરી કરવી, નિષિદ્ધવસ્તુને અડવું, ભૂમિપર ચિત્ર કાઢવાં વા લખવું, તણખલાં તોડવાં, હાથને નકામા ચંચળ રાખવા, મિથ્યા વા અનુચિત લખવું, ને બીભત્સ ચિત્રો કાઢવાં એ હાથનો દુરુપયોગ છે, અને સુપાત્રે વિનયપૂર્વક દાન આપવું, શુદ્ધ વ્યવહારનાં વા પરમાર્થનાં સાધનોનું નિર-

પણ કરનાર ગદ્ય વા પદ્ય લખવું, જોનારના ચિત્તમાં સાત્વિકભાવની વૃદ્ધિ થાય એવું ચિત્ર કાઢવું, ગુરુ કે માતાપિતાઆદિના ચરણકમળની સેવા કરવી, ને પ્રામવ્યવહારસંબંધી કાંઇ લખવું એ હાથનો સદુપયોગ છે; અને કોઇ પણ પ્રકારનું કુકર્મ કરવા જવું વા તેને નિરર્થક હલાવ્યા કરવા, તથા કોઇને પાટુ મારવી એ પગનો દુરુપયોગ, ને સત્પુરુષનો સમાગમ કરવા જવું, તીર્થયાત્રાએ જવું, દેવદર્શન કરવા જવું, પવિત્ર મનના નિર્લોભ પુરુષોના દર્શને જવું, ને પ્રામવ્યવહાર કરવા જવું વા કોઇ યોગ્ય આસન વાળીને બેસવું એ તેનો સદુપયોગ છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ, ભય, ને શોક એ ચિત્તના મુખ્યવિકારો છે. એમાંનો કોઇ એક વિકાર ચિત્તમાં જાગ્રત્ થવાથી ચિત્ત પોતાનો સમભાવ વા શાંતિ ત્યજી દેછે, તેથી તેને અશાંતિદ્વારા દુઃખનો અનુભવ થવા લાગેછે.

કામ એ ચિત્ત તથા ઇંદ્રિયોને વ્યાકુળ કરી નાંખનારો, સર્વદા અતૃપ્ત રહેનારો, સર્વપાપોમાં જીવની પ્રવૃત્તિ કરાવવાના સામર્થ્યવાળો, ને જીવનું અત્યંત અહિત કરનારો છે. મહાન્ છળબળવાળા એ કામને મિત્રરૂપ ગણી તેને વશ થવાથી જીવ પ્રસન્નપણે પોતાના અહિતમાં ઉત્તરોત્તર વધારો કરતો જાયછે, ને પોતાના અભ્યુદય વા નિઃશ્રેયસમાટે લેશ પણ પ્રયત્ન કરી શકતો નથી. જેમ દૂધ પીવાની તૃષ્ણાને વશ થયેલો બિલાડો ઘરધણીની લાકડીના મારનું વિસ્મરણ કરી પારકું દૂધ પીવા માંડેછે, જેમ સૂકવેલું ખડ ખાવામાં અનુરાગવાળો થયેલો પાડો તે ખડના સ્વામીની લાકડીના મારનું વિસ્મરણ કરી સૂકવેલું ખડ ખાવા લાગેછે, ને જેમ કેરીઓ ખાવાના લોભને

વંશ થયેલો વાનર આંબાના રક્ષકની ગોફણમાંના પથ્થરના મારનું વિસ્મરણ કરી આંબાપર આવી કેરીઓ ખાવા લાગેછે, તેમ કામાંધ મનુષ્ય રોગાદિનું વિસ્મરણ કરી અતૃપ્તહૃદયે કામસુખ ભોગવવા તત્પર થાયછે. જેમ હરિણો પરિણામ વિચાર્યાવિના વ્યાધનું ઘંટરવાળનામનું વાદ્ય સાંભળવામાં મનને લીન કરેછે, જેમ હાથિઓ પરિણામ વિચાર્યાવિના ખાડાપર તૃણાદિ પાથરી તેપર ઊભી કરી રાખેલી કૃત્રિમ હાથણીભણી અનુરાગપૂર્વક દોડેછે, જેમ પતંગો પરિણામ વિચાર્યાવિના બળતા અગ્નિમાં ઝંપલાવેછે, જેમ માછલું પરિણામ વિચાર્યાવિના કાંટામાં ભરાવેલું માંસ વા રોટલાનો કડકો ખાવા માંસ વા રોટલાસહિત કાંટાને ગળેછે, ને જેમ ભ્રમરો પરિણામ વિચાર્યાવિના રાત્રિ પડે તોપણ સુગંધના લોભથી કમલનો ત્યાગ નહિ કરતાં તેમાં રહેછે, તેમ મદનાંધ મનુષ્ય પરિણામ વિચાર્યાવિના અશાસ્ત્રીય કામસુખમાં નિરંતર નિમગ્ન રહેછે.

જીવના શરીરબળનો, ઇંદ્રિયોના બળનો, મનોબળનો, શાંતિનો, ધનનો, ધર્મનો, ને યશનો નાશ કરવામાં કામ પ્રથમ પદવિ ભોગવેછે, છતાં ઘણા જીવો તેને પોતાના શત્રુરૂપે જાણી શકતા નથી, એ આશ્ચર્ય છે! પોતાનું પરમ અહિત કરનારા કામનું પોષણ કરનારા દુષ્ટ વિચારોને પ્રેમપૂર્વક પુનઃ પુનઃ અવકાશ આપનારા ચિત્તને મહામૂર્ખવિના બીજી કઇ ઉપમા આપી શકાય ? અન્વયવ્યતિરેકથી તેને અહિતરૂપ જાણ્યા છતાં કામોત્તેજક કુત્સિત ક્રિયાઓનું સ્મરણ કરનાર ચિત્ત સર્વથા એ જ ઉપમાને યોગ્ય છે. કામને વશ થવાથી કેટલાક લૌકિકવિદ્વાનોએ પોતાનો યશ ખોઇ દુઃખદ અપકીર્તિ મેળવી છે, કામને વશ થવાથી કેટલાક રાજાઓ પોતાના જીવિતથી ને રાજ્યથી ભ્રષ્ટ થયા છે, કામને

વશ થવાથી કેટલાક ધનાઢ્યો રાંક થઇ ગયા છે, કામને વશ થવાથી કેટલાક મનુષ્યો મહારોગનો ભોગ થઇ પડ્યા છે, ને કામને વશ થવાથી કેટલાક મનુષ્યોએ નિકટના સંબંધિજનોને વા અન્ય માણસોને મારી નાંખ્યાં છે, વા તેમને અતિ માર માર્યો છે, વા પોતે બહુ માર ખાધો છે, વા મૃત્યુનું શરણ ગ્રહણ કર્યું છે. કામ એ વિવેક, લજ્જા, માન, ને ભયનો ત્યાગ કરાવેછે. જે મન બ્રહ્મચર્યભંગમાં સુખ માનેછે તે મન પોતાનું નાક કાપીને સુખ માનનાર મૂર્ખ માણસના જેવું છે. માંસમેદાદિના સમૂહને પ્રીતિપૂર્વક જોવા નેત્રને વારંવાર ચલાયમાન કરનાર મનને માંસમેદાદિ જોવામાં નિરંતર પ્રીતિ રાખનાર કાગડાની ઉપમા આપવી જોઇએ. જેમ સદાચારી શ્રોત્રિય બ્રાહ્મણ કુરૂપ ચાંડાલણીના હાથમાં રહેલા શ્વાનના માંસને ખાવા ઇચ્છે નહિ, તેમ વિવેકવાળું મન વિષયાનંદની ઇચ્છા કરે નહિ. જેમ ફૂટી બદામની ચિંતામણિની સાથે તુલના થાય નહિ, તેમ બહુ દોષવાળા ને તુચ્છ વિષયાનંદની નિર્દોષ ને સારભૂત બ્રહ્માનંદસાથે તુલના થાય જ નહિ. નાનું બાળક પારણામાં સૂતું હોય તો તે પણ રખેને હું પડી જઇશ એમ ભય રાખેછે, પણ જે મન રખેને મારા બ્રહ્મચર્યનો પ્રમાદથી ભંગ થઇ જશે એમ ભય રાખતું નથી, તે મન મૂર્ખ બાળકથી પણ વધારે મૂર્ખ છે.

વિમૂઢ પુરુષોને સ્ત્રીઆદિ વિષયોમાં વૈરાગ્ય થવો સંભવતો નથી. કામને વશ થયેલાં માણસો ઉપદેશ, નિયમ, ચાતુર્ય, કે સાધુપણાનું સ્મરણ કરતાં નથી. સિંહ, વ્યાઘ્ર, ને હાથીઆદિને વશ કરી શકાય છે, પણ રાગરૂપ મદ્યનું પાન કરીને વિષયાભિમુખ થયેલા ઉન્મત્ત મનને સામાન્ય મનુષ્યોથી વશ કરી શકાતું નથી. સંસારસમુદ્રમાં ના-

ના પ્રકારના ઉન્માદ ઉપજાવનારી ને પ્રાણનું હરણ કરનારી ગુપ્ત કાળકૂટરૂપ સ્ત્રિઓ વિચરેછે, તેનાથી વિવેકીએ સાવધાન રહેવું જોઇએ. પ્રિયાને કંઠે લગાડીને જે શાંતિ પામેછે, તે શીતળ, નિર્મળ, ને સ્નિગ્ધ ખડ્ગધારાને કંઠે લગાડેછે, એમ જાણવું.

કુસંસ્કારોને જાગ્રત્ કરનારા સર્વ પ્રસંગોથી સમજુએ દૂર રહેવું ઉચિત છે. તુરતની જન્મેલી, સોળ વર્ષની રૂપગુણસંપન્ન, ને કુરૂપ વૃદ્ધાને જોઇને મનનો સમભાવ જળવાય, અર્થાત્ ઇંદ્રિયો ને મન અવિકૃત રહે, એમ પ્રયત્ન રાખવો જોઇએ. ગૃહસ્થોએ પરદારાઓમાં ને બ્રહ્મચારી તથા સંન્યાસીએ સર્વ સ્ત્રિઓમાં માતાની કે બેનની ભાવના સુદૃઢ કરવી, કે જેથી ચિત્ત નિર્વિકારી રહે. પરદારામાં માતાની ભાવના કરવાથી પરદારાનું દર્શન થયા છતાં ચિત્તમાં કામવિકાર ઉત્પન્ન થતો નથી તે હનુમાનજીના દૃષ્ટાંતથી તથા તેવી ભાવના કરનારા વિવેકિઓના અનુભવથી સ્પષ્ટ થાયછે. હનુમાનજી રાત્રે જ્યારે શ્રીસીતાનો શોધ કરવા લંકામાં ભ્રમણ કરતા હતા ત્યારે રૂપયૌવનસંપન્ન ઘણી સ્ત્રિઓને શરીરની સંભાળવિના નિદ્રાવશ થયેલી લક્ષ્યપૂર્વક જોઇ, પણ તેમના મનમાં હું મારી માતાતુલ્ય શ્રીસીતાની શોધ કરુંછું એવી દૃઢ ભાવના હોવાથી તેમના મન તથા ઇંદ્રિયોમાં કાંઇ પણ ક્ષોભ થયો નહિ.

ગૃહસ્થોએ સદ્ગુરુ ને સતશાસ્ત્રના વચનમાં સુદૃઢ શ્રદ્ધા રાખી ઉત્તરોત્તર કામને વશ વર્તાવવા અત્યંત આગ્રહ સેવવો જોઇએ, અને પશુથી પણ અધમરીતે ન જ વર્તવું જોઇએ. ઇંદ્રિયો ને અનુકૂળ વિષયોના સંયોગથી ઉપજતા કૃત્રિમ, ક્ષણિક, ને વિરસપરિણામવાળા આનંદથી આત્માનુભવથી ઉપજતો સ્વાભાવિક, નિત્ય, ને અપ-

રિણામી આનંદ કેટલો શ્રેષ્ઠ છે તેનો વિચાર કરી, પોતાના મનને આત્માનંદરૂપ સ્વાભાવિક આનંદભણી વાળવું જોઈએ. જે હૃદય આત્માનંદથી ભરપૂર રહેછે તે હૃદય ઉત્કૃષ્ટ વિષયો સમીપ આવ્યા છતાં પણ ક્ષોભ પામતું નથી, કિંતુ અત્યંત નિઃસ્પૃહ જ રહેછે, તે વાત નીચેના દૃષ્ટાંતથી વિશેષ સ્પષ્ટ થશેઃ—

વિલાસપુરનામના નગરમાંના કોઇ વિષ્ણુમંદિરમાં નૃસિંહાનંદનામના સંન્યાસી રહેતા હતા. તેમણે પોતાના સદ્‌ગુરુની શ્રદ્ધાભક્તિથી સેવા કરી હતી, વેદાંતશાસ્ત્રનું યથાશક્તિ શ્રવણમનન કર્યું હતું, પ્રાણાયામનો અભ્યાસ સારી રીતે કર્યો હતો, ને તે સદાચરણમાં રુચિ રાખનારા હતા. તેમની એવી યોગ્યતાથી પ્રસન્ન થઇ ભક્તવત્સળ પરમાત્મા તેમની સાથે અદૃશ્ય રહીને પ્રસંગોપાત્ત વાતચીત કરતા હતા. એકવાર તે નૃસિંહાનંદે અશરણશરણ પ્રભુને વિનતિ કરી કેઃ—“હે દીનબંધો ! મારા પર અપાર કૃપા દર્શાવી આપ જેવીરીતે અદૃશ્ય રહીને મારી સાથે વાતચીત કરોછો તેવીરીતે કૃપાવડે મને પ્રત્યક્ષદર્શન દઇ મારી સાથે વાતચીત કરો તો મારું મન અત્યંત સંતોષ પામે.” તેના ઉત્તરમાં પ્રભુએ અત્યંત કોમળ ને મધુર સ્વરે કહ્યુંઃ—“હે વત્સ ! હજી તારા ચિત્તમાંથી રાગદ્વેષ દૂર થયા નથી, તેથી તને હમણાં મારો સાક્ષાત્કાર થઇ શકશે નહિ, જ્યારે તારા ચિત્તમાંથી રાગદ્વેષ નિર્મૂળ થઇ જશે ત્યારે તને મારો સાક્ષાત્કાર થશે. ઇંદ્રિયોનો સમૂહ બહુ બળવાન્ છે, માટે વિદ્વાનોએ પણ તેનાથી સાવધાન રહેવું ઉચિત છે.” તે મનોવેધક વચનો સાંભળી નૃસિંહાનંદે પુનઃ પરમાત્માપ્રતિ આ પ્રમાણે વિનતિ કરીઃ—“હે પતિતપાવન ! આપનો જેને સાક્ષાત્કાર થયો હોય એવો કોઇ મહાપુરુષ વર્તમાનમાં ભરત-

ખંડમાં વિદ્યમાન છે ?" તેના ઉત્તરમાં પ્રભુએ કૃપાસહિત કહ્યુંઃ- "હા, શંકરાનંદનામના સંન્યાસી નૈમિષારણ્યમાં રહેછે, તેના ચિત્તના રાગદ્વેષ નિર્મૂળ થયા છે, તેથી તેને મારાં પ્રત્યક્ષદર્શન થાયછે." કરુણાસાગર પ્રભુનાં તે મનોહારી વચનો સાંભળી શંકરાનંદમાં મારાથી કયા પ્રકારની શ્રેષ્ઠતા છે તે જાણવાની ઇચ્છા થતાં શંકરાનંદને જોવા નૃસિંહાનંદ નૈમિષારણ્યભણી જવા નીકળ્યા. કેટલેક દિવસે તે નૈમિષારણ્ય પહોંચ્યા. ત્યાં શંકરાનંદ નગરબહાર એક શિવાલયપાસેની દ્વારવિનાની કોટડીમાં રહેતા હતા. તેમની પાસે દંડ, કૌપીન, કમંડળ, ગરણું, ચાદર, પાદુકા, ને એકાદ બે પુસ્તકવિના બીજું કાંઇ હતું નહિ. તે ભિક્ષાથી ભિન્ન પ્રયોજનમાટે નગરમાં જતા નહિ. દિવસરાત્રિનો ઘણો ભાગ બ્રહ્મધ્યાનમાં જ રહેતા. તેમની એવી સ્થિતિ જોઇ આ શંકરાનંદ મારાથી શ્રેષ્ઠ છે એમ નૃસિંહાનંદને જણાયું નહિ. પુનઃ વિચાર કરતાં તેમને જણાયું કે પરમાત્માનું વચન મિથ્યા હોય નહિ, ને દેહાદિની યોગ્યાયોગ્ય પ્રવૃત્તિ તુરત જોઇએ તેવી પ્રતીત થઇ શકે નહિ, માટે અહિં થોડા દિવસ સ્થિતિ કરી તેમની સર્વ પ્રવૃત્તિ ગુપ્તરીતે જોતા રહી તે મારાથી શ્રેષ્ઠ છે કે નહિ તે મારે નક્કી કરવું જોઇએ. એવો વિચાર કરી તે થોડે દૂર એક બીજી દ્વારરહિત કોટડી હતી તેમાં ઊતર્યા, ને અહર્નિશ શંકરાનંદની સર્વ પ્રવૃત્તિ ગુપ્તરીતે જોવા લાગ્યા. એમ કરતાં દીવાળીનો દિવસ આવ્યો. દીવાળીની રાત્રે તે નગરનો રાજા પોતાના અંતઃપુરમાં પોતાની રાણીપાસે નહિ આવતાં કોઇ રૂપયૌવનસંપન્ન વેશ્યાને ત્યાં રહ્યો. તે રાજાની રાણી અસતી હતી, તેણે પોતાની દાસીને કહ્યું કેઃ—"હે સખિ ! આજે રાજાએ મને છેતરી, માટે તું કોઇ રૂપયૌવનસંપન્ન

પુરુષને અહિં તેડી આવ." એવાં રાણીનાં વચનો સાંભળી દાસીએ કહ્યું:—"હે દેવિ! જો આપે મને દિવસે આજ્ઞા કરી હોત તો હું આપની ઇચ્છાપ્રમાણે યોગ્ય વ્યવસ્થા કરત, પણ હવે આ સમયે મારાથી કાંઇ થઈ શકશે નહિ. હું એકલી બહાર જઉં તો જોનાર લોકોને શંકા આવે. વળી આ વેળાએ યોગ્ય પુરુષ મળી આવવો પણ કઠિન છે. જો આપને ગમે તો એક બીજો ઉપાય છે. આપણા નગરની બહાર શિવાલયમાં એક જુવાન, રૂપવાન, ને વિદ્વાન્ સંન્યાસી રહેછે. જો આપની ઇચ્છા હોય તો હું આપને તેની પાસે તેડી જઉં. તેની પાસે દ્રવ્યાદિ કાંઇ વિલાસની વસ્તુ હોય એમ મારા જોવામાં આવ્યું નથી, તેથી તેને પ્રસન્ન કરવા આપણે પુષ્કળ દ્રવ્યાદિ પણ સાથે લેવું પડશે." રાણીએ કહ્યું:—"ચાલ, આપણે તેની પાસે જઇએ, તું થાળમાં સોનામોહોરો, વસ્ત્ર, અત્તર, તથા ખાવાપીવાના પદાર્થો ભર, ને તેઉપર રૂમાલ ઢાંકી એક હાથમાં તે થાળ તથા બીજા હાથમાં ફાનસ લઇ મારી આગળ ચાલ. માર્ગમાં કદાચ કોઇ પૂછે તો કહેજે કે અમે શિવપૂજન કરવા જઇએ છીએ." એ પ્રમાણે વાતચીત કરી જોઇતી સામગ્રી સિદ્ધ કરી તેઓ લગભગ મધ્યરાત્રે શિવાલયભણી જવા નીકળ્યાં. ત્યાં પહોંચી તેમણે **શંકરાનંદ**ની કોટડીમાં પ્રવેશ કરી તેમને નમન કર્યું, ને દાસીએ પેલો સુવર્ણમુદ્રાઆદિથી ભરેલો થાળ તેમની આગળ મૂક્યો, અને કહ્યું:—"હે સ્વામિન્! આ સ્ત્રી કામના વિષયુક્ત બાણથી અત્યંત પીડિત થઇ આપના શરણમાં આવી છે, માટે આપ તેની તે પીડા દૂર કરશો." એમ કહી તે કોટડીથી બહાર નીકળી ગઇ. કામવશ થયેલી વિલાસનિપુણ તે રાણીએ **શંકરાનંદ**ના ચિત્તને પોતાના

ભણી ખેંચવા કામોદ્દીપક ઘણી શરીરચેષ્ટા કરી, પણ દઢ મનોનાશ ને વાસનાક્ષયવાળા તે યતિવરપ્રતિ કઠિન પાષાણપર ફેંકેલું બાણ જેમ ભટકાઇને પાછું પડે તેમ તે ચેષ્ટાઓ નિષ્ફળ થઇ. દાસી થોડી વાર બહાર રહી પાછી આવી, ને રાણીનાં ચિત્તનું સમાધાન નહિ થયેલું જાણી તેણે શંકરાનંદને આ પ્રમાણે કહ્યું:—"હે મહારાજ ! મનોભવથી વ્યથા પામેલી આ સુંદરી આપની પાસે આવેલી છે, તેની તે વ્યથાને આપ શામાટે દૂર કરતા નથી ? પોતાની ઇચ્છા શરીરાદિની ચેષ્ટાવડે પુરુષઆગળ પ્રકટ કરવી એટલું જ સ્ત્રીનું કામ છે, પછી તો પુરુષમાં ચાતુર્ય જોઇએ. આપનામાં કદાચ કામ ન હોય પણ દયા તો હોવી જ જોઇએ." એટલું બોલી તે પુનઃ બહાર ચાલી ગઇ. પછી શંકરાનંદ ઘણા જ ગંભીરભાવથી રાણીપ્રતિ આ પ્રમાણે બોલ્યા:—"હે માતર્ ! મારું હૃદય કાષ્ઠ વા પાષાણજેવું છે. હું સર્વ સ્ત્રિઓને માતાસમાન સમજુંછું. તમે કોઇ સારા ઘરનાં છતાં નરકના રાજમાર્ગરૂપ આવી અત્યંત અનુચિત પ્રવૃત્તિ કરવા ઇચ્છોછો તે ઘણું જ અયોગ્ય છે. મારે આ તમારા ધનાદિનું શું કામ છે ? હું ધનને ધૂળસમાન સમજુંછું. તે સર્વ પાછું લઇ જાઓ, ને જ્યાંથી આવ્યાં હો ત્યાં શાંતચિત્તે પાછાં જાઓ." દાસી બહાર ઊભી ઊભી આ શબ્દો સાંભળતી હતી, તે પુનઃ અંદર આવી, ને થાળ ઊપાડી નિરાશ થઇ બંને કોટડીમાંથી બહાર નીકળ્યાં. નૃસિંહાનંદે આ બધી પ્રવૃત્તિ ગુપ્તરીતે સાવધાનતાપૂર્વક જાણી હતી, તેથી તેના અપકવ મનમાં વિચાર આવ્યો કે:—આવી એકાંત જગામાં મધ્યરાત્રિની વેળાએ આ રૂપયૌવનસંપન્ન રમણી પોતાનીમેળે ઘણા દ્રવ્યસહિત આવી છે તેનો અનાદર કયો સમજુ પુરુષ કરે ? ઘણા તપના પરિપાકથી આવો પ્ર-

સંગ પ્રાપ્ત થાયછે. શંકરાનંદે તેને નિરાશ કરવામાં ભૂલ કરી છે, માટે ચાલ, હું જ તેનો સત્કાર કરું, એમ વિચારી ઉઠવા જાયછે ત્યાં જ તેના બ્રહ્મચર્યનું રક્ષણ કરવા ઇચ્છતા ભક્તવત્સળ પરમાત્માએ અદૃશ્ય રહી ગંભીર સ્વરે તેને કહ્યું કેઃ—“નૃસિંહાનંદ! શાંત થા, મેં તને પૂર્વે જ કહ્યું હતું કે ઇંદ્રિયોનો સમૂહ અત્યંત બળવાન્ છે.” આ વચનો સાંભળતાં નૃસિંહાનંદ અત્યંત લજ્જિત થયો, ને પોતાના ચિત્તમાંથી હજી રાગદ્વેષ નિવૃત્ત થયા નથી, તથા શંકરાનંદ પોતાનાથી ઘણા જ શ્રેષ્ઠ છે એ તેને સ્પષ્ટ સમજાયું.

શ્રીઈશ્વર ને સદ્ગુરુના અનુગ્રહવિના એ કામને શત્રુરૂપે ઓળખી શકાતો નથી, તેઓશ્રીના અનુગ્રહથી જ ચિત્ત પોતાની મહામૂર્ખ પદવિનો ત્યાગ કરી વિવેકીની પદવિને પ્રાપ્ત થાયછે. બ્રહ્મચર્યના પરિપાલનથી થતા આ લોક પરલોકના લાભોનો વિચાર કરવાથી, મનને નવરું ન રહેવા દેવાથી અર્થાત્ તેને પ્રાપ્તવ્યવહારમાં વા પરમાર્થના સાધનમાં જોડેલું રાખવાથી, ઉત્તમ બ્રહ્મચર્ય પાળનારના મનોબળનું તથા તેમને થયેલા લાભોનું સ્મરણ કરવાથી, પરદારામાં માતા બેન વા પુત્રીની સુદૃઢભાવના રાખવાથી, સ્ત્રીપુરુષોના શરીરના ઉપાદાનકારણનો તથા તેમાં ભરેલા કુત્સિત પદાર્થોનો વિચાર કરવાથી, પ્રાણાયામના સુદૃઢ અભ્યાસથી, પરમ પ્રેમથી કીર્તન કરવાના અભ્યાસથી, વા સર્વત્ર અત્યંતનિર્મળ અસંગ ઉદાસીન ને પરમસુખરૂપ બ્રહ્મ જ સ્થિત છે એ વિચારને જાગ્રત્ રાખી તેમાં પોતાનાં શરીર ઇંદ્રિય ને મનનો ઓતપ્રોતભાવ કરવાનો પ્રયત્ન રાખવાથી ચિત્ત કામની મૈત્રી છોડી દેછે. શુદ્ધ બ્રહ્મચર્ય પાળવા ઇચ્છનાર ગૃહસ્થે પરદારાથી ને વિરક્તે સર્વ સ્ત્રિઓથી પાંચ હાથ દૂર રહેવા પ્રયત્નવાન્ રહેવું જોઇ-

એ. વળી તેણે સ્નિગ્ધ પદાર્થો બહુ ન ખાવા, અત્યાહાર ન કરવો, સ્ત્રીનું આસન કે વસ્ત્ર ન વાપરવું, તેની સાથે નિષ્પ્રયોજન કે ઉપહાસયુક્ત ભાષણ ન કરવું, રાગપૂર્વક તેમનાં અંગોપાંગભણી દૃષ્ટિ ન કરવી, ને અત્યંત આપત્કાળવિના તેમના શરીરને ન અડવું.

ક્રોધ પોતાને આશ્રય આપનારને જ બાળેછે, ક્રોધથી અન્યને હાનિ થાય તે કરતાં ક્રોધ કરનારને વધારે હાનિ થાયછે. ક્ષમા જ્યારે બંનેને શાંતિ આપેછે, ત્યારે ક્રોધ બંનેને પરિતાપ ઉપજાવેછે. ક્રોધી માણસનું મન નિરંતર સંતાપયુક્ત રહેછે, તેની ઇંદ્રિયો નિરંતર ચપળ ને વ્યાકુળ રહેછે, ને તેનું શરીર ક્રોધદ્વારા ઉપજતા વિષનું લોહીમાં મિશ્રણ થવાથી વિરૂપ ને બળહીન રહેછે. ક્રોધી માણસસાથે કોઇ પણ પ્રકારનો સંબંધ બાંધવાને માણસો ઇચ્છતાં નથી, ને ન ચાલતાં સંબંધ બાંધવો પડે તો તેઓને તેનાથી બહુ ચેતીને ચાલવું પડેછે. જ્વાળામુખી પર્વતો, ધરતીકંપો, ને વંટોળિયાઓ જેમ પોતાની આસપાસના દેશને હાનિ કરેછે, તેમ ક્રોધી માણસો પણ પોતાની આસપાસના મનુષ્યોને હાનિ કરેછે. ક્રોધી ક્રોધને વશ થઈ મરવા તત્પર થાયછે, ને કોઇ વેળા તે પોતાના મિત્રાદિનો નાશ કરવા પણ તત્પર થઇ જાયછે. ક્રોધીને ભવિષ્યનો વિચાર રહેતો નથી, ને તે આવેશમાં ન બોલવાનું બોલી દેછે. સાધારણ વાતમાં પણ મુખ તથા નેત્રપર કોપાવેશ પ્રકટવા દેવો એ સમજુને યોગ્ય નથી. માણસે પોતાની નિર્બળતાનો વિચાર કરી કોપાવેશને શાંત કરી અન્યને ક્ષમા આપવી જોઇએ. ક્રોધને વશ રાખવાથી અંતઃકરણ શાંત રહેછે, ને પશ્ચાત્તાપ કરવાનો સમય આવતો નથી. ક્રોધને નિર્મૂળ કરવો એ જ સાચી શૂરવીરતા છે. ક્રોધ ઉપજવાથી માણસ પોતાની બુદ્ધિનો ત્યાગ કરી

દેછે એમ જાણી સાવધ રહી માણસે બીજાના ક્રોધથી ઉપદેશ લેવો જોઇએ. અંતઃકરણમાં કોઇ પણ નિમિત્તથી ક્રોધનો આવિર્ભાવ થયો જણાય કે તુરત જ સાવધાન થઇ જવું, ને તે કાળે કાંઇ પણ કામ કરવું નહિ. ક્રોધના આવેશમાં કોઇને માર મારવો, ગાળો દેવી, મર્મભેદક વચનો બોલવાં, ગુપ્ત વાત પ્રકટ કરી દેવી, કે કોઇ આરંભેલું કામ મૂકી દેવું એ ઉચિત નથી. કોપાવેશમાં પાછળથી પશ્ચાત્તાપ થાય એવું કોઇ પણ કામ કરવું નહિ. મૂર્ખ માણસો નજીવી વાતમાં વારેવારે ક્રોધ કરેછે, પણ સમજુ માણસો કદીપણ એમ કરતાં નથી. તીક્ષ્ણ કાંટાવાળા ક્રોધને અંતઃકરણમાં રાખ્યાથી તે પોતાના તીક્ષ્ણ કાંટા અંતઃકરણમાં ભોંકી માણસને દુઃખ આપેછે. વેર વાળવાના વિચારોને અવકાશ નહિ આપતાં સમજુએ ક્ષમાના વિચારો બળવાન્ કરવા જોઇએ. જેમ પાણીથી અગ્નિ ઓલાઈ જાયછે, તેમ નમ્ર વચનથી સામા માણસનો ક્રોધ શાંત થઈ જાયછે, માટે જ્યારે કોઇ ક્રોધયુક્ત થાય ત્યારે તેને શાંત કરવા તેના પ્રતિ નમ્ર વચનો બોલવાં જોઈએ, પણ કડવાં વચનો બોલી તેના ક્રોધને વિશેષ પ્રદીપ્ત ન કરવો જોઇએ. મધુર વચન બોલવાથી પોતાને કાંઇ હાનિ થતી નથી, ને અન્યને સુખ થાયછે, માટે સમજુએ કોઇને અપ્રિય વચન સંભળાવવાં ઉચિત નથી. મધુર વચનો વશીકરણમંત્રજેવાં છે, કે જેનાં શ્રવણથી માણસ વશ થઈ જાયછે. કાગડો કોઇનું કાંઇ લઈ લેતો નથી, ને કોયલ કોઇને કાંઇ આપી દેતી નથી, પણ કાગડાના કાનને કડવાં લાગતા શબ્દો સાંભળવા માણસને ગમતા નથી, ને કોયલના મધુર શબ્દો મનુષ્યને પ્રિય લાગેછે, તેથી કાગડો બોલે તો માણસો તેને

કાંકરા મારી ઊડાડી મેલેછે, ને કોયલના ટૌકાને તેઓ પ્રસન્નમ-નથી સાંભળેછે, તથાં તે થોડો વધારે સમય બોલે તો ઠીક એમ ઇચ્છેછે. ક્રોધ ઉપજવાનાં પ્રસંગો વસ્તુતાએ બહુ થોડા છે, છતાં જેઓ વારંવાર ક્રોધ કર્યા કરેછે, તેઓને મૂર્ખવિના અન્ય કયું નામ અપાય ? ક્રોધની ઉત્પત્તિ નબળાઈ ને મૂર્ખાઈથી છે એ માણસે ન ભૂલવું જોઈએ. જે મનુષ્ય બહુ ક્રોધી હોયછે, તેને વારંવાર પશ્ચાત્તાપ કરવાના પ્રસંગો આવ્યાવિના રહેતા નથી, ને તે કાળે તે અતિ દીન થઈ જાયછે. ક્રોધથી કોઇપર વેરબુદ્ધિ ઉત્પન્ન થાયછે. નબળાં ને બીકણ માણસો સામાન્ય વાતમાં બીજાપર વેર રાખેછે. વેર રાખવાથી પોતાનું દુઃખ ઓછું નહિ થતાં ઊલટું વધેછે. જે માણસના મનમાં વેરરૂપી અગ્નિ સળગતો હોયછે, તે માણસનું મન સર્વદા અશાંત ને દુઃખી જણાયછે. વેર મનમાં હોય ત્યાંસુધી તે માણસને નિરંતર પીડા આપ્યા કરેછે, ને પૂરું પડયાપછી પશ્ચાત્તાપવડે તે માણસને દુઃખી કરેછે. શત્રુને હાનિ કરવા કરતાં મોટું મન રાખી તેને ક્ષમા આપવી એ જ સમજુનું કર્તવ્ય છે. અપકાર કરનારનું ભુંડું કરવું એ સુલભ કામ છે, પણ તેને ઉદાર મનથી ક્ષમા આપવી તે કઠિન ને કીર્તિ ભરેલું કામ છે. માણસ પોતાના શત્રુના અપકારમાટે વેર લેછે તો તે તેના જેવો થાયછે, અને જો તે તેને ક્ષમા કરેછે તો તે તેના કરતાં શ્રેષ્ઠ ગણાયછે, કારણ ક્ષમા કરવાનો અધિકાર રાજાનો છે. કોઇ માણસ પોતાના સ્વાર્થમટે અન્યની હાનિ કરે ત્યારે જેને હાનિ થઈ હોય તેણે ક્રોધ નહિ કરતાં આમ વિચારવું:—“ જે માણસે મને હાનિ કરી તેણે મારા સ્વાર્થભણી ન જોતાં પોતાના જ સ્વાર્થભણી જોયું તો તેમાં

તેણે શો અપરાધ કર્યો ? અને જો તેણે અપરાધ નથી કર્યો તો પછી મારે વિનાકારણ શામાટે તેના પર ક્રોધ કરવો જોઇએ ?” જો કોઇ કેવળ દુષ્ટ બુદ્ધિથી અપકાર કરે તોપણ વિવેકીએ તેના પર ક્રોધ કરવો ઉચિત નથી, કારણ કે વિનાપ્રયોજન અન્યનું ભુંડું કરવું એ દુર્જનોનો સ્વભાવ જ છે. અગ્નિમાં હાથ નાંખતાં અગ્નિ દઝાડે તો તેના પર જેમ કોઇ ક્રોધ કરતું નથી, તેમ દુર્જનો બુદ્ધિપૂર્વક કોઇનું ભુંડું કરતા નથી, પણ તેમના સ્વભાવથી તે તેમ કરેછે, એમ સમજી તેમના પર પણ ક્રોધ કરવો ઉચિત નથી. જેમ પ્રજ્વલિત અગ્નિનું પાણીથી શમન કરાયછે, તે પ્રમાણે જાગ્રત્ થયેલા ક્રોધનું જે ક્ષમાથી શમન કરેછે તે મહાત્મા ધન્યવાદને યોગ્ય છે. ક્રોધી કયું પાપાચરણ ન કરે ? ક્રોધી ગુરુનું પણ હનન કરેછે, ને કઠોર વાણીવડે માતા, પિતા, તથા સત્પુરુષોને પણ ગાળો દેછે. ક્રોધી બોલવાયોગ્યને તથા નહિ બોલવાયોગ્યને જાણતો નથી. સાપ જેમ કાંચળીને ફેંકી દેછે, તેમ ઉત્પન્ન થયેલા ક્રોધને જે ક્ષમાવડે દૂર કરેછે, તે જ પુરુષ કહેવાયછે. ક્ષમાવડે ક્રોધને વશ રાખવાથી મન અત્યંત પ્રસન્ન થાયછે.

ક્રોધી જેમ મૂર્ખાઇથી પોતાના ક્રોધી સ્વભાવમાં ગુણ માનેછે તેમ ક્ષમાવાને વિવેકથી પોતાના ક્ષમાવાળા સ્વભાવમાં ગુણ માનવો જોઇએ. એક ધર્મોપદેશક ચાલ્યા જતા હતા, તેમને માર્ગમાં કોઇ પરિચિત ઉદ્ધત માણસ મળ્યો. વાત ચાલતાં તેમણે તેને પોતાના દયાળુ સ્વભાવથી ઉપદેશ આપવા માંડયો. તે માણસ તેમનો ઉપકાર માનવાને બદલે વારંવાર અનુચિત શબ્દો બોલી તેમનું અપમાન કરવા લાગ્યો, છતાં તેમણે લેશ પણ ક્રોધ નહિ કરતાં શાંતિથી

પોતાનો ઉપદેશ ચાલુ રાખ્યો. તેવામાં કોઇ ભલો માણસ ત્યાં આવી ચઢ્યો. તેણે તે ઉપદેશકને કહ્યું:— " ગુરો ! તમે આવા વિનયહીન ને મૂર્ખ માણસસાથે શામાટે નકામી કડાકૂટ કરોછો? એ સમજે એવો નથી." ઉપદેશકે શાંત ચિત્તે ઉત્તર આપ્યું:— " વિનયહીન ને મૂર્ખ મનુષ્યોને સુધારવા પ્રયત્ન કરવો એ જ ઉપદેશકોનું કર્તવ્ય છે. તે પોતાનો અનુચિત સ્વભાવ જાળવી રાખવા જો આટલો આગ્રહ રાખેછે તો મારે મારો સ્વભાવ જાળવવા શામાટે આગ્રહ ન રાખવો જોઇએ ? " એક તત્ત્વચિંતકને પ્રારબ્ધયોગે બહુ ક્રોધી સ્ત્રી મળી હતી. તે વારેવારે અનુચિત શબ્દો બોલીને તથા અનુચિત પ્રવૃત્તિ કરીને તેમને ઘણો શ્રમ આપતી, છતાં તેઓ તેની તેવી પ્રવૃત્તિથી લેશ પણ ક્રોધ નહિ ઉપજાવતાં શાંત જ રહેતા, ને તેની તેવી પ્રવૃત્તિને હસી કાઢતા. ક્રોધી સ્વભાવના મનુષ્યને કોઇ એક બે વાર કાંઇ પૂછે ત્યાં જ તેના ચિત્ત તથા વાણીમાં ક્રોધ વ્યાપી જાયછે. કોઇ એક ક્રોધી સાધુ ગામબહાર એક ઝુંપડીમાં રહેતો હતો. ત્યાં તેના સ્વભાવની પરીક્ષા કરી જોવા કોઇ માણસ આવી નીકળ્યો. આવનાર માણસે ક્રોધને અગ્નિનું રૂપ આપી વિનોદમાં તે સાધુને પૂછ્યું:— " બાવાજી ! દેવતા છે કે ? " સાધુએ તેના ઉત્તરમાં કહ્યું:— " અહિં દેવતાએવતા નથી. ચાલ્યો જા. " પેલા માણસે કહ્યું:— " ભાર્યો હોય એમ જણાયછે ને ના કેમ પાડોછો ? " સાધુએ વિશેષ કોપયુક્ત થઇ કહ્યું:— " કહીએ છીએ કે નથી, તોપણ પૂછ્યા કરેછે, કેવો મૂર્ખ છે ? " પેલા મનુષ્યે હસતાં હસતાં કહ્યું:—"ધૂમાડો નીકળતો જણાયછે ને ના કેમ કહોછો ?" આ વચનો સાંભળી સાધુને અત્યંત કોપ ચઢ્યો ને તે બોલ્યો:—

"ના પાડીએ છીએ તોપણ માનતો નથી. સાળો ગાંડાજેવો જણાયછે. જા અહિંથી, નહિ તો ચિપિયો લગાવીશ." પેલા માણસે જતાં જતાં કહ્યું:-- "આવડો મોટો ભડકો થયો તોપણ કહોછો કે દેવતા નથી, કેવા આશ્ચર્યની વાત !"

ક્ષમાવાન્ પોતાને અન્ય ગમે તેટલું દુઃખ દે તોપણ ક્રોધ કરતો નથી. એકનાથસ્વામીપર એક યવન એકોતેર વાર થુંક્યા, ને પોતાને એકોતેર વાર સ્નાન કરવું પડ્યું, છતાં તેના પર ક્રોધ ન કર્યો. વિશ્વામિત્રે કોપાવેશમાં વસિષ્ઠના સો પુત્રોનો નાશ કરાવ્યો તોપણ વસિષ્ઠે વિશ્વામિત્રપર લેશ પણ ક્રોધ કર્યો નહિ. જેમ સોનાની પરીક્ષા કસોટી કરેછે તેમ ક્ષમાવાનની પરીક્ષા દુર્જનોથી થાયછે. કોઇ એક ક્ષમાવાન્ ઋષિ કોઇ પવિત્ર નદીના તટપર પર્ણકુટીમાં વસી પરમાત્માનું અભેદભાવે સ્મરણચિંતન કરી કાળ વ્યતીત કરતા હતા. તેઓ ભલા સ્વભાવના ને શુભ પ્રવૃત્તિવાળા હોવાથી આસપાસના પ્રદેશમાં તેમની કીર્તિ પ્રસરી રહી હતી. કોઇ દુર્જને કોઇ સજ્જનપાસેથી તેમના ક્ષમાવાન્ સ્વભાવની વાત સાંભળી, તેથી તેને પોતાના સ્વભાવપ્રમાણે તેમને ચીડવવાની ઇચ્છા થઇ આવી. સમય મળે તે દુર્જન ત્યાં ગયો, ને તે ઋષિથી થોડે દૂર ઉદ્ધતની પેઠે ઊભો રહી કહેવા લાગ્યો:-- "મહારાજ ! થોડી તમાકુ આપો." ઋષિએ સરલતાથી ઉત્તર આપ્યું:— "ભાઇ ! અહિં તમાકુ નથી, નહિ તો આપત." પેલાએ ક્રોધપૂર્વક કહ્યું:— "જો ! બ્રાહ્મણ થયા છે, અતિથિનો સત્કાર કરવા ઝુંપડીમાં તમાકુ પણ રાખતા નથી. લોકોને ઠગવામાટે ઋષિ બનીને બેઠા છે. સ્વદેશમાં ચોરી કે ખૂન કરીને અહિં ભરાઇ બેઠા હશો. અહિં રહી

ચોરલોકોને આશ્રય તો નથી આપતા કે ? અહિં રાત્રે ઘણી રાંડો આવતી હશે. મદ્યમાંસ તે ભાંગગાંજાનો કેટલોક સંગ્રહ છે ? તમારી મુખાકૃતિથી જ જણાયછે કે તમે મહાધૂતારા છો. ” ઇત્યાદિ ઘણાં ઘણાં નિષ્પ્રયોજન અનુચિત વચનો તે દુર્જને આશરે એ ઘડીસુધી તે ઋષિપ્રતિ કહ્યાં, પરંતુ તે ઋષિના મનમાં લેશ પણ ક્રોધ ઉપજ્યો નહિ. તેમણે વિચાર્યું કે:— “ જેણે દોષપૂર્વક મળમૂત્રનો ત્યાગ કર્યો છે તે મળમૂત્રથી કોઇ મૂર્ખ માણસ નિંદા કરે તો તે મળમૂત્રનો ત્યાગ કરનારને માઠું લાગતું નથી, તો મેં અસત્, જડ, ને દુ:ખરૂપ ધારીને ત્યજી દીધેલા સ્થૂળ ને સૂક્ષ્મશરીરની આ માણસ નિંદા કરેછે, તેમાં સત્, ચિત્, ને આનંદરૂપ મારે શામાટે માઠું લગાડવું જોઇએ ? ન જ લગાડવું જોઇએ.” અંતે પેલો માણસ બોલતાં બોલતાં થાક્યો, ને તેણે પીવામાટે થોડું પાણી માગ્યું. પેલા ઋષિએ પ્રસન્નમને તેને શાકરની ભૂકી નાંખી શીતળ જળ પીવામાટે આપ્યું, ને કહ્યું:—“તમે હમણાં બોલવાનો બહુ શ્રમ લીધો છે, માટે બેસો, ને આ શરબત પી શાંત થાઓ.” પેલાએ લજ્જિત થઇ શરબત પીધું, ને કોઇ સુસંસ્કારનો ઉદય થવાથી તેને પોતાની આ અનુચિત પ્રવૃત્તિપર ધિક્કાર ઉપજ્યો. તેણે ઋષિને સાષ્ટાંગદંડવત્પ્રણામ કર્યા, ને કહ્યું:—“ મહારાજ ! મેં આપનો મોટો અપરાધ કર્યો. આપના જેવા સત્પુરુષને મેં ઘણાં અનુચિત વચનો કહ્યાં છે, તેમાટે આપ મને ઉદાર મનથી ક્ષમા આપશો, એમ વિશ્વાસ છે. ” તેના ઉત્તરમાં ઋષિએ ગંભીરસ્વરથી કહ્યું:— “ ભાઇ ! મનુષ્ય ભૂલને પાત્ર છે. તમે જે બોલ્યા તેમાં તમારો પોતાનો દોષ નથી, પણ રાક્ષસરૂપ ક્રોધનો જ દોષ છે. તે નીચ રાક્ષસ જેના ચિત્તમાં પ્રવેશ કરેછે, તેની

તમારા જેવી જ સ્થિતિ કરી નાંખેછે. તમે શુદ્ધ મનથી ક્ષમા માગોછો તો પરમાત્મા તમને ક્ષમા આપશે જ. ”

પરસ્પર કાંઇ વિવાદ થતાં ક્રોધને વશ થઇ સરકારમાં ફરિયાદ કરવી, ને તેમાં દ્રવ્ય, બુદ્ધિબળ, ને શરીરબળનો દુરુપયોગ કરવો એ સારું નથી. બની શકે ત્યાંસુધી મોટું મન રાખી બંને પક્ષે ઘરમેળે સમાધાન કરવાનો યત્ન કરવો એ જ બંનેને હિતકારક છે. સંબંધિજનોપર કે દાસવર્ગપર વારેવારે ક્રોધ કર્યા કરવો એ પણ યોગ્ય નથી.

લોભ એ સર્વપાપનું મૂળ કહેવાયછે, કારણ કે લોભને વશ થયેલો માણસ સર્વ પાપ કરી શકેછે. અનિત્ય વસ્તુનો ત્યાગ ન સહન કરી શકવો, વા અનિત્ય વસ્તુઓ મેળવવાની તૃષ્ણા રાખવી, એ જીવને દુઃખનો અનુભવ કરાવનાર છે. લક્ષ્મી ચપળ હોવાથી તે કોઇ જગાએ ચિરકાળ સ્થિર થઇને રહી નથી, ને રહેવાની પણ નથી. ધનને “મારું” “ મારું ” કરતાં ઘણા રાજાઓ ને ધનાઢ્યો ચાલ્યા ગયા છે, ને ચાલ્યા જશે, પણ તે ધન કોઇની સાથે ગયું નથી, ને જવાનું પણ નથી. લોભી માણસ ગમે તે રીતે માત્ર દ્રવ્ય ભેળું કરવામાં જ સુખ માનેછે, ને તેમાંથી કોઇને કાંઇ આપવું પડે તો તેને મહા દુઃખ થાયછે. તે યાચકને કાળરૂપે જુએછે, ને સંબંધિજનોપર પણ પ્રેમ રાખતો નથી. દાન, ઉપભોગ, ને નાશ એમ દ્રવ્યની ત્રણ ગતિ છે, તેમાં જે માણસ દાન વા ઉપભોગમાં દ્રવ્ય વાપરતો નથી તેના દ્રવ્યની ત્રીજી ગતિ થાયછે. શ્રદ્ધા ને પ્રેમવડે સુપાત્રે દાન કરવાથી લક્ષ્મીની વૃદ્ધિ થાયછે, ને પ્રાપ્ત દ્રવ્ય સુખપૂર્વક ભોગવી શકાયછે. જેમ કોઇ સારા આકારવાળા માણસના મુખપર કોડ હોવાથી તે

કુરૂપ દેખાયછે, તેમ કોઇ ગુણવાન્ પુરુષમાં લોભ હોય તો તેના તે ગુણો લોકોને ભૂષણરૂપે જણાતા નથી. લોભી માણસ બહુધા વિદ્વાન્ ને સદ્ગુણી માણસનો દ્વેષ કરેછે, ને દ્રવ્યને જ મેળવવાયોગ્ય ગણેછે. લોભી પોતાની પાસે દ્રવ્ય છતાં મલિન વસ્ત્રો પહેરેછે, મલિન ઘરમાં રહેછે, ને કનિષ્ઠ પ્રકારના અન્નાદિનું ભક્ષણ કરેછે. દ્રવ્ય કેમ વધારે ભેળું થાય એમ જ તેના મનમાં રાત્રિદિવસ ઇચ્છા રહ્યા કરેછે. પોતાની પાસે પુષ્કળ દ્રવ્ય છતાં તેની તૃષ્ણા શાંત થતી નથી, તેથી વિવેકીની દૃષ્ટિએ તે કંગાળજેવો પ્રતીત થાયછે. તે પુણ્યદાન કરવા ઇચ્છતો નથી. કોઇ ઉદાર મનુષ્ય કોઇ સુપાત્રને દ્રવ્યાદિ આપે તો તેમાં પણ તેના ચિત્તને ક્લેશ થાયછે. મરણકાળે પણ તેના મનમાં પોતાની સદ્ગતિનિમિત્ત કાંઇ દાન કરવાની ઇચ્છા થતી નથી. કોઇ એક લોભી મનુષ્યપાસે પુંષ્કળ દ્રવ્ય છતાં બનતાસુધી કોઇ પણ સુપાત્રને તે કાંઇ પણ દાન કરતો નહિ. ન જ ચાલતાં જ્યારે કાંઇ દાન કરવું પડે ત્યારે પણ તે જેમ બને તેમ થોડું દાન બહુ જ મુંઝાઇને કરતો. એક વેળા તે બહુ માંદો પડયો. તેનો મરણકાળ સમીપ આવેલો જોઇ તેની ભલી સ્ત્રીએ એક ગાયનું દાન કરવા તેને બહુ આગ્રહ કર્યો, પણ તે વાત પેલા માણસને ગળે ઊતરી નહિ. અંતે તેની સ્ત્રીએ કહ્યું કેઃ—“વ્યવહારપક્ષે આવી વેળાએ ગાયનું દાન કર્યાવિના ચાલે એમ નથી, ને તમે લોભને વશ રહી પ્રત્યક્ષ ગાયનું દાન કરવા ઇચ્છતા ન હો તો હું એક માટીની નાની ગાય બનાવી લાવું તેના દાનનો સંકલ્પ કરો, કે જેથી તમને વૈતરણીમાં તરતાં અડચણ ન આવે.” આમાં કાંઇ દ્રવ્યનો વ્યય થવાનો નથી એમ જાણી પેલા લોભીએ તેમ કરવા હા પાડી. તેની સ્ત્રીએ માટી પલા-

ળી તેની નાની ગાય બનાવી, ને તેના નીચેના ભાગમાં પોતાની બ- સેં રૂપિઆની સોનાની સાંકળી નાંખી. પછી પોતાના ગોરને બોલા- વી એકાંતમાં તેને સર્વ વાત કહી તે ગાયના દાનનો સંકલ્પ પોતાના પતિપાંસે કરાવ્યો. સંકલ્પ કર્યાપછી તે ગાયને પેલા લોભીએ જોવા માગી. તે જોતાં તેના નીચેના ભાગમાં સોનાની સાંકળીનો થોડો ભાગ જોવામાં આવતાં "હાય! મને છેતર્યો" એમ રાડ પાડી તે લોભી માણસ મરણ પામ્યો.

લોભી પુરુષપાસે ઘણું દ્રવ્ય હોય તોપણ યાચકો તેની પાસે યાચના કરવા જતા નથી, ને ઉદાર પુરુષપાસે થોડું દ્રવ્ય હોય તોપણ યાચકો તેની પાસે યાચના કરવા જાયછે. સમુદ્રમાં ઘણું જળ ભર્યું છે, પણ દુકાળ પડે ત્યારે લોકો તેની આશા કરતા નથી, પણ વરસાદની જ આશા કરેછે. ઉદાર પુરુષ પ્રસંગ પડે પ્રસન્નતાથી પોતાના પ્રાણપર્યંતનું પણ દાન કરી શકેછે. વિક્રમ તથા ભોજના ઉદારપણાની વાતો લોકમાં પ્રસિદ્ધ છે. ઔદાર્ય ને ઊડાઉપણું એક નથી, પણ ભિન્ન છે. લોભ ને ઊડાઉપ- ણાની મધ્યે રહેલો સદ્દગુણ તે ઔદાર્ય છે. સ્વશક્તિનો વિચાર કર્યા- વિના યોગ્યાયોગ્ય માર્ગમાં દ્રવ્ય ઊડાડવામાં આવે તે ઊડાઉપણું ક- હેવાયછે.

નિર્ધન માણસ ધનવાન્ થવાને ઇચ્છેછે, પણ ધનવાન્ માણસને કેટલી ચિંતા ને જંજાળ હોયછે, તે તે જાણતો નથી. નિર્ધન માણ- સ અધિકાર મેળવવા ઇચ્છેછે, પણ અધિકારવાળા માણસની ગુંચ- વણો ને અડચણો તે વિચારી શકતો નથી. નિર્ધન માણસ પોતાની નિર્ધનતા જોઇ બળીને રાખ થઇ જાયછે, પરંતુ કોઇ પણ માણસનું બહારનું સુખ જોઇ ભૂલાવો ખાઇ તેની ઈર્ષ્યા કરવી યોગ્ય નથી,

કારણ તેને ( ઈર્ષ્યા કરનાર માણસને ) તે માણસના અંતઃકરણના શોકનું ભાન નથી. થોડાથી સંતોષ માનવો એ ડહાપણ છે. દ્રવ્યમાં વધારો કરનાર માણસ ચિંતાનો પણ વધારો કરેછે. સંતોષવાળું મન એ દ્રવ્યના ગુપ્ત ભંડારજેવું છે, કે જે ભંડારને તૃષ્ણાધીન થયેલું માણસ જોઇ શકતું નથી. ઔદાર્ય અને અસ્પૃહા રાખી વિવેકી મનુષ્યે અધોગતિ કરનારા લોભને વશ વર્તાવવો જોઇએ. ન્યૂનમૂલ્યે વા વિનામૂલ્યે કોઇ અપરિચિત મનુષ્ય કોઇ વસ્તુ આપે તો સમજુ માણસે આમાં કાંઇ કારણ હશે અર્થાત્ આ વસ્તુ આ માણસે અયોગ્યરીતેં મેળવી હશે, એમ સમજી તે ન લેવી જોઇએ.

પ્રાપ્ત દ્રવ્યનો શુભ ઉપયોગ નહિ કરતાં તેને ભૂમિમાં ડાટી રાખવું એ મૂર્ખાઇ છે. એવા કૃપણો આ લોકનું સુખ ભોગવી શકતા નથી, ને પરલોકમાં દુઃખી થાયછે. દ્રવ્યતૃષ્ણાને વશ થઇ ચોરી કરવી, લાંચ લેવી, કન્યાવિક્રય વા વરવિક્રય કરવો, ને અનુચિત વ્યાપાર કરવો એ મનુષ્યની અધોગતિ કરનારાં છે. અનીતિથી મેળવેલા દ્રવ્યનો પ્રાયશઃ દુરુપયોગ થાયછે, તેથી તે દ્રવ્ય પોતાના સ્વામીને બીજા પાપમાં જોડેછે. ધન ને સ્ત્રીની તૃષ્ણાને વશ થઇ જેમ એક મૂઢ માણસે નિત્યપ્રતિ જોડાનો માર ખાવાનો સ્વીકાર કર્યો તેમ કરવું પોતાનું હિત ઇચ્છનારને યોગ્ય નથી. કોઇ એક નગરમાં એક માણસ રહેતો હતો, તેણે એક રૂપવતી સ્ત્રી જેણે પોતાની સાથે પરણનારને નિત્યપ્રતિ સો જોડા માથામાં મારવાની પ્રતિજ્ઞા કરી હતી, તેની સાથે લગ્ન કર્યું. તે સ્ત્રી તેને નિત્યપ્રતિ સો જોડા મારતી હતી, તેથી કાયર થઇ દ્રવ્ય રળવાનિમિત્તે દેશાંતર જવાનો વિચાર કરી તેણે પોતાની સ્ત્રીને કહ્યું કેઃ—" આપણા ઘરમાં જોઇએ

તેટલું દ્રવ્ય નથી, ને આમ બેસી રહીને ખાધા કરીશું તો આગળ દુ:ખ ભોગવવું પડશે, માટે મારી ઇચ્છા છે. કે હું દેશાવરમાં જઇ દ્રવ્ય મેળવવા યત્ન કરું." તેની સ્ત્રીએ કહ્યું કેઃ—"તમે ગામ જાઓ ત્યારે નિત્યપ્રતિ મારે સો જોડા કોને મારવા?" તેના ઉત્તરમાં પતિએ કહ્યું કેઃ—"આપણા ફળીમાં સામું જે ઝાડનું હુંઠું છે તેને તારે નિત્ય સો જોડા મારવા." સ્ત્રીએ તે વાતનો સ્વીકાર કર્યો, ને તે પુરુષ દ્રવ્ય સંપાદન કરવાના નિમિત્તથી દેશાંતર ગયો. તેના વિદાય થયાપછી તે સ્ત્રીએ પેલા ઝાડના હુંઠાને નિત્યપ્રતિ સો જોડા મારવા માંડયા. તે હુંઠામાં એક ભૂત રહેતો હતો, તે આથી મુંઝાણો, ને તેણે વિચાર્યું કેઃ—"આ પીડા તુરત મટે એવી નથી, માટે ચાલ, તેના પતિપાસે જઉં, ને તેને દ્રવ્ય સંપાદન કરાવી પાછો અહિં લાવું." પછી તે ભૂત માણસનું રૂપ ધરી પેલા માણસપાસે ગયો, ને તેને કહ્યું કેઃ—"તું દ્રવ્ય મેળવવા ઇચ્છેછે, પણ ધંધો કરવાથી તને જોઇતું ધન તુરત મળવાનો સંભવ નથી, હું કહું એમ કરીશ તો તને તુરત પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિ થશે." પેલાએ એ વાતનો સ્વીકાર કર્યો, એટલે ભૂતે તેને કહ્યું કેઃ—"હું આ નગરના રાજાનું માથું અત્યંત દુઃખે એમ કરુંછું. તે દુઃખની નિવૃત્તિ કોઇથી થઇ શકશે નહિ, માત્ર તું તેને માથે હાથ લગાડશે, એટલે તે તુરત સાજો થશે. તારે તેને સાજો કરવા પહેલાં કહેવું કે 'જો દશ હજાર રૂપિઆ આપો તો હું તમને તુરત સાજા કરું.' એ વાતનો રાજા સ્વીકાર કરે એટલે તારે તેને માથે હાથ મૂકી તેને સાજો કરવો, ને દશ હજાર રૂપિઆ લઇ ઘેર જવું." પેલા માણસને ઘર મૂક્યાં થોડો સમય થયો હતો, તેથી તેને ઘેર જવાનું કાંઇક મન હતું, ને આ દશ હ-

જાર રૂપિઆ ઘેર જવામાટે મળવા લાગ્યા, એટલે તેણે તે વાતનો સ્વીકાર કર્યો. પછી ભૂતે તે રાજાના માથામાં દુઃખ ઉત્પન્ન કરવા માંડયું; કોઇ વૈદથી તેનો ઉપાય થઇ શકયો નહિ, ને અંતે દશ હજાર રૂપિઆ આપવાનો ઠરાવ કરી આ માણસપાસે માથાનું દુઃખ દૂર કરવાનો ઉપાય કરાવવાનું ઠરાવ્યું. આ માણસે જેવો તે રાજાને માથે હાથ મૂક્યો, કે તુરત તે રાજાના માથામાં દુઃખ થતું હતું તે બંધ થઇ ગયું. રાજાએ ઠરાવપ્રમાણે તેને દશ હજાર રૂપિઆ આપ્યા, એટલે તે રૂપિઆ લઇ તે પોતાને ઘેર ગયો. એવીરીતે તે માણસે સ્ત્રીતૃષ્ણા ને દ્રવ્યતૃષ્ણાને વશ થઇ યાવજ્જીવન સ્ત્રીના જોડાનો માર ખાવાનો સ્વીકાર કર્યો.

મોહ એટલે અવિવેક. મોહ ઉત્પન્ન થયે માણસ પોતાની સ્થિતિ ભૂલી જાયછે, ને કરવાયોગ્ય ન કરવાયોગ્ય તથા બોલવાયોગ્ય ન બોલવાયોગ્યને તે જાણી શકતો નથી. બુદ્ધિમાં જ્યારે મોહરૂપ ઘટ્ટ અંધકાર જામી રહેછે, ત્યારે સદ્‌ગુરુ ને સતશાસ્ત્રે કરેલા ઉપદેશનું સ્મરણ માણસને રહેતું નથી, ને તેથી તે પશુના જેવું આચરણ કરતાં સંકોચ પામતો નથી. માણસ વ્યભિચાર, ચોરી, જૂગાર, ને હિંસાદિ કુકર્મોમાં પ્રવૃત્ત થાયછે, તે પણ અવિવેકને વશ થઇ પરિણામ ભૂલીને જ થાયછે. અનુચિત શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ એ વિષયો માણસની અધોગતિ કરનારા છે, તેમાં માણસ પ્રીતિપૂર્વક પ્રવૃત્ત થાયછે, એ પણ મોહનો જ પ્રતાપ છે. મોહથી આળસમાં સુખ માની આળસુ થવાયછે. જેમ લોઢાઆદિ ધાતુને કાટ ખાઇ જાયછે, તેમ આળસ માણસની શક્તિનો નાશ કરેછે, ને જેમ વપરાશમાં આવતાં ધાતુનાં પાત્રો ઉજળાં રહેછે, તેમ ઉદ્યોગી મા-

ણુસનું મન નિર્મળ ને શક્તિવાળું રહેછે. આળસ જ્યારે આ લોક પરલોકમાં હાનિ કરેછે, ત્યારે ઉદ્યોગ આ લોક પરલોકમાં લાભ કરેછે. આળસુ માણુસ ઠુંઠા ત : પાંગળાથી પણુ કનિષ્ઠ છે, કેમકે ઠુંઠા તથા પાંગળાને તો હાથ તથા પગ નહિ હોવાથી તેઓ કાંઇ કામ કરી શકતા નથી, તથા ચાલી શકતા નથી, પણુ આ તો હાથ છતાં કાંઇ કામ કરી શકતો નથી, ને પગ છતાં ચાલી શકતો નથી. ગંજીફા, ચોપાટ, કે શેતરંજઆદિ રમવામાં કાળક્ષેપ કરવો પણુ સમજુને ઉચિત નથી, કેમકે તેમાં કેટલીક વેળા જિતથી ચિત્તમાં અભિમાન ને કેટલીક વેળા હારથી ચિત્તમાં ખેદ થાયછે, તથા રમવામાં કોઇ કપટ કરે તો પરસ્પર કલેશ પણ થાયછે. વળી પોતાનું હિત ઇચ્છનાર સમજુએ સર્વ પ્રકારના માદક પદાર્થના વ્યસનથી પણુ દૂર રહેવું જોઇએ. માંસનું ભક્ષણ કરવાથી શરીર પુષ્ટ થાયછે એમ સમજી માંસ ખાવું, તથા દેવને પશુનું બલિ અર્પણ કરવાથી દેવ પ્રસન્ન થાયછે એમ સમજી દેવના નિમિત્તે પશુનું હનન કરવું, એ પણ વિવેકીને યોગ્ય નથી.

દેશ, કાળ, ને સ્વસામર્થ્યનો વિચાર કર્યાવિના કાર્ય કરવાથી હાનિ થાયછે, ને દેશ, કાળ, ને સ્વસામર્થ્યનો વિચાર કરી કાર્ય કરવાથી લાભ થાયછે, માટે વિવેકીએ મોહનો ત્યાગ કરી દેશકાળાદિનો પૂરતો વિચાર કરી પ્રત્યેક કાર્ય કરવાનો સ્વભાવ પાડવો જોઇએ.

જે પોતાનું કર્તવ્ય શીઘ્ર સમાપ્ત ન કરતાં મોહથી લંબાવ્યા કરેછે, તેને વ્યવહારપરમાર્થમાં ઘણી હાનિ થાયછે. આજનું કામ બની શકે ત્યાંસુધી આજ જ સમાપ્ત કરવું જોઇએ, કાલઉપર ન રાખવું જોઇએ. કામને લંબાવવાના સ્વભાવવાળા માણસોની વહેલી-

મોડી અધમદશા થયાવિના રહેતી નથી, માટે પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે દીર્ઘસૂત્રી થવું યોગ્ય નથી. કર્તવ્યના વિસ્મરણને પ્રમાદ કહે- છે. તે પણ ડગલે ડગલે દુઃખ ઉપજાવનારો છે. પ્રમાદી મનુષ્ય વ્ય- વહાર કે પરમાર્થનું કોઇ સાધન સિદ્ધ કરી શકતો નથી. કેટલીક વે- ળા એવો પ્રમાદી ઉપહાસ તથા ધિક્કારને પાત્ર પણ થાયછે. કોઇ પ્રમાદી વ્યાપારીના ઘરમાં રાત્રે ચોર ખાતર પાડવા લાગ્યો. ભીંત- માંથી ખોદવાનો અવાજ આવતો સાંભળી તેની સ્ત્રીએ તે શેઠને કહ્યું:—“ જાગોછો કે ? ” તેના ઉત્તરમાં શેઠે કહ્યું:—“ હા જા- ગુંછું.” પુનઃ તેની સ્ત્રીએ કહ્યું:—“ ભીંતમાંથી અવાજ આવેછે, તેથી ચોર ખાતર પાડતા હોય એમ જણાયછે. ” તે સાંભળી શેઠ બોલ્યોઃ—“ હા હું જાગુંછું, ને અવાજ સાંભળુંછું. ” થોડો સમય વીત્યાપછી ચોરે ઘરમાં પ્રવેશ કર્યો. તેનાં પગલાંનો અ- વાજ સાંભળી ભય પામી શેઠાણીએ કહ્યું:—“ ઘરમાં કોઇ ફરતું હોય એમ જણાયછે.” તે સાંભળી શેઠે કહ્યું:—“ હા હું જાગુંછું.” તેનું કહેવું સાંભળી ચોરે જાણ્યું કે શેઠ બહુ પ્રમાદી જણાયછે, ને શેઠાણીથી કાંઇ બની શકે એમ નથી, માટે નિરાંતે મારે મારું કામ કર્યા કરવું. પછી તેણે પટારાના તાળાને કુંચી લાગુ કરવા માં- ડી. તેનો ખડખડાટ સાંભળી શેઠાણી ધીમે સ્વરે બોલ્યાં:—“ કોઇ પટારાનું તાળું ઊઘાડતું હોય એમ જણાયછે.” શેઠે ઠંડે પેટે પૂર્વની પેઠે “ હું જાગુંછું ” એવું ઉત્તર આપ્યું. ચોરે કુંચી લાગુ કરી પટા- રો ઊઘાડયો. પટારો ઊઘડવાનો શબ્દ સાંભળી શેઠાણીએ શેઠને ક- હ્યું:—“ જાગોછો કે ? કોઇએ પટારો ઊઘાડયો હોય એમ જણાય- છે.” તેના ઉત્તરમાં શેઠે કહ્યું કે:—“ હા હું જાગુંછું, સૂઇ ગયો ન

થી." ચોરે પટારામાંથી ઘરેણાં, રોકડ નાણું, તથા ઉંચાં લૂગડાંવગેરે જે લેવાયોગ્ય હતું તે સર્વ લઇ કમાડ ઊઘાડી ચાલવા માંડ્યું. તે જાણી શેઠાણી અત્યંત ક્લેશ પામી બોલ્યાં:—"કાં જાગોછો કે સૂઇ ગયા? ચોર તો ઘરેણાંવગેરે લેઇને કમાડ ઊઘાડીને ચાલ્યો ગયો." શેઠે પૂર્વની પેઠે જ સૂતાં સૂતાં ઉત્તર આપ્યું કે:—"હા હું જાગુંછું." શેઠાણીએ રોતાં રોતાં દુ:ખયુક્ત સ્વરે કહ્યું:—"બળ્યું તમારું જાગવું! ચોર નિરાંતે ખાતર પાડીને ઘરેણાંવગેરે લઇને ભાગી ગયો, તોપણ કાંઇ કરી શક્યા નહિ, ને પડ્યા પડ્યા 'હા હું જાગુંછું,' હા હું જાગુંછું,' એમ જ કહ્યા કર્યું." જ્ઞાન, યોગ, કે ભક્તિનાં સાધનોમાં પણ સાધક જો આ પ્રમાદી શેઠના જેવી જાગ્રતિ રાખે તો તેથી તેને હાનિ જ થાય એમાં સંશય નથી.

અનુચિત અભિમાન મદ કહેવાયછે. નમ્રતા રાખવી એ દેવોનું કામ છે, ને અહંકાર રાખવો એ રાક્ષસોનું કામ છે. અયોગ્ય અભિમાન માણસની અધોગતિ કરેછે. પોતાના અયોગ્ય અભિમાનથી રાવણની તથા દુર્યોધનની કેવી દુર્દશા થઇ હતી તે રામાયણ તથા મહાભારત વાંચનાર વા સાંભળનારને સારી રીતે જ્ઞાત છે. અભિમાની મનુષ્યમાં વિદ્યા કે સદ્‌ગુણ હોય તોપણ તેનાં તે વિદ્યા કે સદ્‌ગુણ તેને શોભાવી શકતાં નથી. અભિમાની માણસનું મુખ, નેત્ર, અલંકાર, ને વસ્ત્ર જ તેના ચિત્તમાં રહેલા અભિમાનને પ્રકાશ્યા કરેછે. તે દીન ને દુ:ખી માણસોભણી દૃષ્ટિ પણ કરતો નથી, કેમકે તેમને તે ધિક્કારેછે. તેનું આવું અભિમાન ને મૂર્ખાઇ જોઇને વિવેકી માણસોને હસવું આવેછે, અભિમાની મનુષ્ય પોતાની સ્તુતિ સાંભળી પ્રસન્ન થવા પોતાના સ્તુતિપાઠકોને તથા હાજી હા કરનારાઓને પો-

તાની પાસે રાખેછે, પણ તેઓ તેનું સર્વસ્વ હરણ કરી તેને દુઃખી કરેછે. અભિમાનીને વારંવાર અપમાન પામવાના પ્રસંગો આવી મળેછે, અને ઘણીવાર તેને અણધાર્યા દુઃખમાં ઊતરવું પડેછે. ધનના મદથી, સત્તાના મદથી, યૌવનના મદથી, રૂપના મદથી, કુળના મદથી, ને વિદ્યાના મદથી ઘણા મનુષ્યો વિવેકવિનયને ભૂલી જાયછે, ને ન બોલવાનું બોલેછે, તથા ન કરવાનું કરેછે. એવા મદાંધ મનુષ્યો ઘણી વેળા હાસ્યને પાત્ર થાયછે, માટે વિવેકીએ પોતાનાથી ચઢતી સ્થિતિવાળા મનુષ્યોભણી દૃષ્ટિ રાખી અંતઃકરણમાં મદનો અંકુર ન ઉપૂજવા દેવો જોઇએ. કોઇ એક દ્રવ્યમદાંધ વ્યાપારી હોડીમાં બેસી મોહમયીપુરીથી પાસેના ગામમાં જતો હતો. તે હોડીમાં એક બીજો માણસ તે શેઠની પાસે બેઠો હતો. શેઠે પોતાની સાથે એક વાજું લીધું હતું. તે વાજાભણી જોઇ તેણે પોતાની પાસે બેઠેલા પેલા માણસને કહ્યું:—“ તને આ વાજું વગાડતાં આવડેછે ? ” પેલા માણસે તે પ્રશ્નના ઉત્તરમાં કહ્યું:— “ ના શેઠ ! મને તે વગાડતાં આવડતું નથી. ” શેઠે અભિમાનથી તેને કહ્યું:—“ ત્યારે તારી પા જીંદગી નકામી ગઇ. ” વળી શેઠે તેને ગર્વયુક્ત સ્વરે પૂછ્યું:—“ શું તને બાઇસીકલપર બેસી ફરતાં આવડેછે ? ” પેલાએ તેનું ઉત્તર પણ નામાં જ આપ્યું. તે સાંભળી પેલા અભિમાની શેઠે તોછડાઇથી કહ્યું:—“ ત્યારે તારી અર્ધી જીંદગી નકામી ગઇ. ” વળી થોડો સમય ગયાપછી તે શેઠે પાછું પેલા માણસને પૂછ્યું:—“ તને ગંજીફે રમતાં આવડેછે કે ? ” પેલા માણસે આ પ્રશ્નનું ઉત્તર પણ આગળની પેઠે નકારમાં જ આપ્યું. શેઠે તે ઉત્તર સાંભળી ગર્વપૂર્વક કહ્યું:—“ મૂર્ખ ! જો એમ છે તો તારી પોણી

જીંદગી નકામી ગઇ. ” પેલો બિચારો શેઠનાં આવાં અયોગ્ય વચનો ધીરજથી સાંભળી રહ્યો. થોડો સમય ગયાપછી સમુદ્રમાં એકાએક ભયંકર તોફાન ઊપડ્યું. હોડીવાળાએ શેઠને તથા પેલા માણસને કહ્યું:—“ ભાઇઓ ! તોફાન સખ્ત છે તેથી હોડી હવે હાથ રહે એવો સંભવ નથી. જે પળ જાયછે તેમાં તે કોઇ ખરાબાસાથે ભટ; કાઇ ભાગી જશે, વા ઉંધી વળી જશે, માટે જેને તરતાં આવડતું હોય તે સમુદ્રમાં કુદી પડી કાંઠે પહોંચો. ” તે સાંભળી પેલા માણસે શેઠને પૂછ્યું:— “ શેઠ ! તમને તરતાં આવડેછે ? ” શેઠ જે જીવવાની બહુ મમતાવાળા હતા, તેણે શોકયુક્ત વદને કહ્યું:— “ના, મને તરતાં આવડતું નથી.” પેલા માણસે પુનઃ શેઠને કહ્યું:— “શેઠ ! મારી તો પોણી જીંદગી નકામી ગઈ, પણ તમારી તો આજ આખી જીંદગી નકામી જશે. ” એમ કહી તેણે સમુદ્રમાં કુદકો માર્યો, ને તરતો તરતો કાંઠે પહોંચ્યો. પવનનો એક આકરો ઝપાટો લાગવાથી હોડી ઉંધી વળી, તેથી પોતાના વાજાસહિત શેઠ સમુદ્રને તળીએ બેઠા.

વિનયવડે સમજુએ એ અભિમાનનો ત્યાગ કરવો જોઇએ. વિનયી માણસમાં રહેલા સદ્‌ગુણો તથા વિદ્યા તેને વિશેષ શોભા આપનારાં થાયછે, ને તેવો મનુષ્ય શત્રુને પણ વશ કરી શકેછે. વિનયવાળો મનુષ્ય સર્વને યથાયોગ્ય માન આપેછે, તેથી તેને પણ સૌ ઘટતું માન આપેછે.

અન્યની કોઇ પણ પ્રકારની સારી સ્થિતિ ન સહન કરી શકવારૂપ ચિત્તની નબળાઇ તે મત્સર કહેવાયછે. મત્સરી માણસ વિદ્વાનને, ધનવાનને, બળવાનને, રૂપવાનને, કુલીનને, કે સત્તાવાળાને જુએછે, વા તે તેમનાં વખાણ સાંભળેછે કે તુરત તે પોતાના

ચિત્તમાં દાહ પામવા લાગેછે, ને બની શકે તો તેના સંબંધમાં ન બોલવાનાં બે ચાર વચનો આવેશમાં આવી જઇ બોલી દેછે. તેનો આવો દુષ્ટ સ્વભાવ તેને નિરર્થક પરિતાપ આપ્યા કરેછે, ને પ્રારબ્ધવશાત્ જે સુખ તેને પ્રાપ્ત હોય તેનો પણ તે વાસ્તવિક ભોક્તા થઇ શકતો નથી. આંધળા, કાણા, લૂલા, લંગડા, ખુંધા, બહેરા, નિર્ધન, બુદ્ધિહીન, કે કુરૂપને જોઇ હસવું એ શ્રીઇશ્વિરનું અપમાન કરવાસમાન છે,' માટે સમજુએ તેવાં માણસોપર દયા રાખવી ઉચિત છે, પણ મત્સરવડે તેમનું હાસ્ય કરી તેમને દુઃખ ઉપજાવવું યોગ્ય નથી. પોતાની અંતર્બહારની સ્થિતિને અનુકૂળ આવે એવા જે ધર્મના પરિપાલનથી પોતાનું શ્રેય થવાનો પૂરતો સંભવ હોય તે ધર્મનું પરિપાલન કરવું, પણ વિનાવિચારે કોઇ પણ ધર્મની નિંદા ન કરવી. વિશ્વમાંના સદાચરણનું અનુમોદન કરનારા સર્વ ધર્મો અધિકારિઓની સ્થિતિપ્રમાણે યોગ્ય જ છે, ને તે ઇશ્વરપ્રેરિત છે, એમ સમજવું ઉચિત છે. શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન ઉપદેશ જોઇ વ્યામોહ નહિ પામતાં તે ઉપદેશ અધિકારભેદે છે, એમ નીચેના ઉદાહરણપરથી નિશ્ચય કરવો જોઇએ.

એક મનુષ્યને પાંચ પુત્રો છે, તે પાંચેનાં વય, બુદ્ધિ, રુચિ, ને શરીરસંપત્તિમાં ભેદ છે. પિતાની એવી ઇચ્છા છે કે તે પાંચે પુત્રો યોગ્યરીતે પ્રવૃત્તિ કરે કે જેથી આ લોક પરલોકમાં સુખી થાય. હવે એ પાંચેની અંતર્બહારની અવસ્થામાં ભેદ હોવાથી પાંચેને એક જ પ્રકારની શીખામણ ઉપયોગી થઇ શકે નહિ, તેથી પ્રત્યેકને તેમની યોગ્યતાપ્રમાણે શીખામણ આપવાનું તેમના પિતાએ ઉચિત ગણ્યું. જે સર્વથી મોટો પુત્ર છે તેનું વય ત્રીશ વર્ષનું છે, તેણે સાધારણ

વિદ્યાભ્યાસ કર્યો છે, શરીર નીરોગી ને બળવાન્ છે, સ્વતંત્રતામાં રુચિ ધરાવનાર છે, ને ખેતીવાડીમાં કાંઇક સમજેછે, તેને તેનો પિતા આ પ્રમાણે કહેછે:–"ખેતી જ ઉત્તમ છે, ખેતીમાં સ્વતંત્રતા સચવાયછે, પોતાના બુદ્ધિબળનો ઉપયોગ કરી શકાયછે, નવાં નવાં અન્નોનો પ્રથમ ઉપભોગ કરી શકાયછે, ઘેર રહી શકાયછે, ને પોતાના બુદ્ધિબળનો ઉપયોગ કરી ખેતરની ઉપજમાં બહુ વધારો કરી શકાયછે." જો તે પુત્ર નોકરીપર કાંઇક પ્રીતિ બતાવેછે તો તેને તેનો પિતા કહેછે કે:–"નોકરી તો એક જાતની ગુલામી છે, નિરંતર ઉપરિનો ભય રહેછે, ઘર તથા દેશનો ત્યાગ કરી પરદેશમાં રઝળવું પડેછે, યોગ્ય અયોગ્ય માણસોના સંગમાં રહેવું પડેછે, અન્યનો અપરાધ પોતાના પર આવી પડવાનું ભય રહેછે, ને પરિમિત દ્રવ્યની પ્રાપ્તિ થાયછે." જો તે પુત્ર વ્યાપારભણી કાંઇ પ્રીતિ જણાવે તો તેનો પિતા આવાં વચનોવડે તેનો નિષેધ કરેછે:–"વ્યાપારમાં શાંતિ નથી, વેચવાના પદાર્થો લઇ ઘેર ઘેર ભટકવું પડેછે, ગ્રાહકોનાં અયોગ્ય વચનો સાંભળવાં પડેછે, લેવાદેવામાં બહુ સાવધાનતા રાખવી પડેછે, કોઇ અપ્રામાણિક ગ્રાહકો લેણા પૈસા ન આપે તો ક્લેશ કરવો પડેછે, નિરર્થક બહુ બોલવું પડેછે, ને સાધારણ માણસોસાથે નિરંતર સંબંધ રાખવાથી નીતિ શિથિલ થઇ જાયછે." જો તે વિદ્યા ભણવામાં અનુરાગ જણાવે તો તેને કહેછે કે:–"વિદ્યાનો પાર નથી, માણસ આખું આયુષ્ ભણે તોપણ સર્વ વિદ્યાઓનો પાર પામી શકતું નથી, ને જો તું ભણવામાં રોકાઇશ તો તારાં સ્ત્રીપુત્રાદિનો નિર્વાહ કોણ કરશે?" એવીરીતે તેનો પિતા અન્ય ધંધાઓની નિંદા કરી ખેતીના લાભ સમજાવેછે,

ને તેજ તારું કર્તવ્ય છે, એમ ઉપદેશ કરેછે. તે પુત્ર પિતાનાં એવાં વચનો સાંભળી ખેતીમાં પ્રવૃત્તિ કરેછે, ને સુખી થાયછે. બીજો પુત્ર પચ્ચીશ વર્ષના વયનો છે, તેણે પણ સાધારણ વિદ્યાભ્યાસ કર્યો છે, તેની બુદ્ધિ ને રુચિ વ્યાપારને અનુકૂળ છે, ને શરીર જોઇએ તેવું સારું રહેતું નથી, તેને તેનો પિતા વ્યાપારમાં જોડવાની ઇચ્છાથી આ પ્રમાણે શીખામણ આપેછેઃ—“વ્યાપારમાં જ લક્ષ્મી વસેછે, વ્યાપારી કરોડપતિ થઇ શકેછે, ખેડુ કે નોકર કરોડપતિ થઇ શકતા નથી, વ્યાપારનિમિત્તે દેશાંતર જોવાનો લાભ થાયછે, જાતજાતનાં માણસોથી પ્રસંગ પડેછે, કોઇની આજ્ઞામાં વર્તવું પડતું નથી, ઇચ્છા થાય ત્યારે પોતાનું કામ કરવાની ને ઇચ્છા ન થાય ત્યારે પોતાનું કામ ન કરવાની સ્વતંત્રતા રહેછે, સારાં સારાં ભોજનો જમી શકાયછે, સુંદર ઘરમાં નિવાસ કરાયછે, સારાં સારાં વસ્ત્રો પહેરવા મળેછે, ને સંબંધિજનોમાં પ્રતિષ્ઠાયુક્ત રહેવાયછે. એવીરીતે વ્યાપારમાં સર્વરીતે સુખ છે.” જો તે ખેતીમાં કાંઇક રુચિ જણાવે તો તેનો પિતા તેને આ પ્રમાણે કહેછેઃ—“ખેડ એ ધૂળિયો ધંધો છે, ખેડુની પ્રતિષ્ઠા નથી, કર ને વેઠના ભારથી તે સદા દુઃખી રહેછે, દુકાળ પડે તો તેની સ્થિતિ અત્યંત દયામણી થઇ જાયછે, તડકાનું ટાઢનું ને વરસાદની શરદીનું દુઃખ તેને સહન કરવું પડેછે, જંતુઓની ઘણી હિંસા કરવી પડેછે, રાજાની ને રાજસેવકોની આજ્ઞા ઉપાડવી પડેછે, વિદ્યાનો લાભ મેળવી શકાતો નથી, ને સારા માણસોનો સમાગમ પ્રાપ્ત કરી શકાતો નથી.” નોકરીમાં વા ભણવામાં તેને રુચિ રહેતી હોય તો તેમાં તેનો પિતા પૂર્વે કહેલા દોષો દેખાડેછે. પિતાનાં એવાં વચનો સાંભળી પુત્ર વ્યાપારમાં પ્રવૃત્ત થાયછે. ત્રીજા પુત્રનું

વય વીશ વર્ષનું છે. તે વિદ્યામાં અભિરુચિવાળો, બુદ્ધિમાન્, શરીરે નીરોગી, ને નોકરી કરી શકે એવો છે, તેને તેનો પિતા આ પ્રમાણે નોકરીના લાભો સંભળાવેછે:—"નોકરી કરનારની ખેડુ વ્યાપારી ને કારીગરઆદિમાં સારી પ્રતિષ્ઠા રહેછે, વીશ રૂપિઆના પગારવાળા મુત્સદ્દીની પ્રતિષ્ઠા લખપતિથી પણ અધિક ગંણાયછે, એ વા અઢી પહોર નોકરી કર્યાપછી તેને કાંઇ કામ કરવું પડતું નથી, અનાયાસે પ્રતિષ્ઠાવાળા વિદ્વાન્ ને બુદ્ધિમાન્ મનુષ્યોનો સમાગમ પ્રાપ્ત થાયછે, બુદ્ધિ ને વિદ્યામાં વધારો થતો રહેછે, લોકોમાં નામ પ્રસિદ્ધ થાયછે, બીજાપર હુકમ કરી શકાયછે, ઘણા લોકોનું પોતાના કામકાજમાટે પોતાની પાસે આવવુંજવું થાયછે, ને બીજાના પર ઉપકાર કરી શકાયછે." તે પુત્ર જો ખેતી, વ્યાપાર, કે વિદ્યાધ્યયનમાં કાંઇ રુચિ રાખતો હોય તો તેનો પિતા તેમાં ઉપર કહેલી રીતે દોષો દેખાડેછે, તે પુત્ર પિતાનાં એવાં વચનો સાંભળી નોકરી મેળવી સુખી થાયછે. ચોથો પુત્ર જેનું વય દશ વર્ષનું છે, તેને તેનો પિતા આ પ્રમાણે વિદ્યા ભણવાનો ઉપદેશ કરેછે:—"જેઓ ભણેલા છે તેઓ ઘોડાપર અથવા ઘોડાગાડીમાં બેસી સુખ ભોગવેછે, ઘણા રૂપિઆ કમાયછે, ને બીજાપર હુકમ ચલાવેછે; પણ જેઓ ભણતા નથી તેમને મજૂરી કરી ઘણે કષ્ટે પોતાનું પેટ ભરવું પડેછે, ને બહુ દુઃખી થાયછે." તે પુત્ર જો રમવામાં પ્રીતિ રાખતો હોય તો તેનો પિતા તેને રમવામાં આ પ્રમાણે હાનિ દેખાડેછે:—"જે રમ્યા કરેછે તે દુર્જન થઇ જાયછે, ને તેને ખાવાપીવાનું ઓઢવાપહેરવાનું તથા રહેવાનું નહિ મળવાથી બહુ દુઃખી થાયછે." એવીરીતે શીખામણ આપી તેને નિશાળે જવામાં પ્રીતિ ઉપજાવેછે. અગત્ય જણાય તો તેને

આ પ્રમાણે ભય દેખાડેછે:—"જો નિશાળે નહિ જા તો ઘરમાંથી કાઢી મૂકીશ, ખાવા નહિ આપું, ને આખી રાત ઓરડીમાં પૂરી મૂકીશ." એમ કહ્યા છતાં તે ન માને તો તેને મારે પણ છે. કોઇ સમયે તેને મધુરવચનો કહી તેના પર પ્યાર પણ કરેછે, ને કોઇ વેળા તેને રમવાની અનુમતિ પણ આપેછે. તે પુત્ર જો ઘરમાંથી બહાર નીકળવામાં ભય પામે તો તેને તેનો પિતા કહેવા લાગેછે કે:—"ઘરથી બહાર નીકળ્યા વિના વિદ્યા કેમ ભણાશે? ઘરમાં પડ્યા રહેવાથી બગડી જવાયછે, ને બીજા છોકરા તારું ડરકણ એવું નામ પાડશે. બહાર જવાથી ઘણું જોવાનું મળેછે. જો! અમુક અમુક તારાથી નાના છે તોપણ તે કેવા રાતદહાડો બહાર ફર્યા કરેછે!" આ છોકરાને તેનો બાપ ખેતી, વ્યાપાર, કે નોકરીનાં હાનિલાભ દર્શાવતો નથી, માત્ર જે વાતથી પ્રયોજન છે તેની જ તેની પાસે ઘણી પ્રશંસા કરેછે. પાંચમો પુત્ર ચાર વર્ષના વયનો છે, તેને માટે તેનો પિતા રમવાનાં રમકડાં લાવી આપેછે, પ્રીતિપૂર્વક તેને ખવરાવે પીવરાવેછે, તેની સાથે હાસ્ય કરેછે તેના અપરાધો ક્ષમા કરેછે, ને તે જો ઘરથી બહાર જવાની ઇચ્છા કરે તો તેને કહેછે કે:—"બહાર જવું સારું નથી, બહાર જઇશ તો ચોર પકડી જશે, અથવા છોકરાં મારશે." પછી ભયથી તે બહાર જતો નથી, ને ઘરમાં રમ્યા કરેછે. આ છોકરાને તેનો પિતા ખેતી, વ્યાપાર, નોકરી, કે ભણવાનાં લાભહાનિનો ઉપદેશ કરતો નથી. જેમ એક જ પિતાએ પોતાના પાંચ પુત્રોને તેમના હિતમાટે પ્રસંગવશાત્ ભિન્ન ભિન્ન ઉપદેશ કર્યા છે, તે અનુચિત નથી, પણ યોગ્ય જ છે, તેમ ભિન્ન ભિન્ન શાસ્ત્રો ભિન્ન ભિન્ન અધિકારીને જે ભિન્ન ભિન્ન ઉપદેશ કરેછે,

તે યોગ્ય જ છે. એકના પ્રતિપાદનમાં જે અન્યની નિંદા છે, તે વસ્તુતાએ નિંદારૂપ નથી, પણ પ્રતિપાદ્ય વિષયની સ્તુતિરૂપ છે, એમ સમજવું.

ગુણગ્રાહી સ્વભાવ ઘણો સારો ગણાયછે. જ્યાં ત્યાં ગુણનું દર્શન કરનાર મનુષ્યનું ચિત્ત પ્રસન્ન રહેછે. વિશ્વમાં કોઇ વસ્તુ એવી નથી કે જેમાં કોઇ પણ સારો ગુણ ન જ હોય, માટે સમજુએ પ્રત્યેક પ્રાણિપદાર્થમાં સારા ગુણરૂપ જે ઇશ્વરાંશ રહેલો છે તે જોવાનો જ સ્વભાવ પાડી પરિતાપ ઉપજાવનાર નિરર્થક દોષ જોવાના સ્વભાવને દૂર કરવો જોઇએ.

સર્વ મનુષ્યો મારા મિત્ર છે એવી ભાવના રાખી માણસે વિનાકારણ તાપ ઉપજાવનારા મત્સરને પોતાના ચિત્તમાંથી દૂર કરી દેવો જોઇએ.

હૃદયમાં શ્રદ્ધા નહિ છતાં બહારથી લોકોને પોતાનું ધાર્મિકપણું જણાવવા પ્રયત્ન કરવો વા. ખોટો ડોળ કરવો તે દંભ કહેવાયછે. દાંભિક લોકો વસ્તુતાએ નાસ્તિક હોયછે. તેઓ ઉપર ઉપરથી ધાર્મિકજેવાં આચરણ કરેછે, પરંતુ તેમનાં ગુપ્ત કૃત્યો રાક્ષસોજેવાં હોયછે. તેઓના ચિત્તમાં પરમેશ્વરનું ભય હોતું નથી, તેમ જ તેમના અંતરમાં પરમેશ્વરની ભક્તિ પણ હોતી નથી. દાંભિકો બીકણ હોયછે. તેના મિત્રો પણ તેના કામમાં સંશયી રહેછે, ને અન્યજનો પણ તેનો વિશ્વાસ કરતા નથી. અસત્યભાષણ, કપટ, ને મિથ્યાવેશ ધારણ કરવાની દાંભિકોને અવશ્ય અગત્ય પડેછે. તેઓ પોતાની ઉપજકરતાં વધારે વ્યય રાખી પ્રામાણિકતાનો ત્યાગ કરેછે, ને એવી પ્રવૃત્તિથી કોઇ વાર તેમને આપઘાત પણ કરવો પડેછે. દંભ ત્યજી સમજુએ સરલતા રાખવી જોઇએ. સરલ કાષ્ઠ પણ માણસને પ્રિય લાગેછે તો સરલ મનુષ્ય માણસને પ્રિય કેમ ન લાગે ? લાગે જ.

ભયથી હૃદય દુર્બળ થાયછે, ને નિર્ભયતા રાખવાથી હૃદય બળવાન્ થાયછે. ભય રાખવાથી પ્રાપ્ત દુઃખ વા ભાવિ દુઃખ ઓછું થતું નથી, પણ ઊલટું વધારે પીડા આપનારું થાયછે, ને તેવા પ્રસંગમાં મનને નિર્ભય રાખવાથી તે દુઃખ થોડી પીડા ઉપજાવેછે, વા કાંઇ પણ પીડા ઉપજાવી શકતું નથી. સહજ પ્રતિકૂળ પ્રસંગ આવવાના અનુમાનથી જેઓનાં હૃદય કંપી ઊઠેછે, તેઓ કોઇ પણ શુભકામ દૃઢતાપૂર્વક કરી શકતા નથી, ને દુઃખી સ્થિતિમાં પોતાનું જીવન પૂરું કરેછે. દુઃખ આવવાનું છે એવો વિચાર કરી આગળથી મુંઝાવું નહિ, કેમકે તે દુઃખ આવશે કે નહિ તે નક્કી નથી. કદાચ તે દુઃખ નક્કી આવવાનું હોય તોપણ મુંઝાવાથી તે કાંઇ ઓછું થતું નથી, પણ ઊલટું મનોબળ હણાયછે, માટે શૈર્ય રાખી ભયને વશ ન થવું.

લોકો ચિંતાને ચિતાથી પણ વધારે પીડા આપનારી ગણેછે, છતાં ઘણા મનુષ્યો નિરર્થક ચિંતા વા શોકને વશ થાયછે. નિકટના સંબંધિજનનું મરણ, રોગપ્રાપ્તિ, દ્રવ્યહાનિ, અપમાન, વા કોઇ પ્રસંગમાં મળેલી નિરાશાથી મનુષ્યે ચિંતા કરવી ઉચિત નથી, કેમકે ચિંતા તે પ્રાપ્ત દુઃખને દૂર કરનાર નથી, પણ વધારનાર છે. એવો પ્રતિકૂળ પ્રસંગ પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થાય તો સમજુએ ચિંતામાં નિમગ્ન નહિ થતાં પોતાના પ્રાપ્ત કર્તવ્યમાં પોતાના ચિત્તને સાવધાનતાપૂર્વક જોડવું જોઇએ. જેમ સુખ સર્વકાળ રહેતું નથી, તેમ દુઃખ પણ સર્વકાળ રહેતુ નથી, એમ સમજી માણસે પ્રાપ્ત દુઃખથી ચિંતાયુક્ત ન થતાં ધૈર્ય રાખવું જોઇએ. વીતેલા પ્રતિકૂળ પ્રસંગોનું વિસ્મરણ કરી કોઇ રુચિકર યોગ્ય વિષયમાં મનને ઉત્સાહપૂર્વક જોડવું એ જ ચિંતા વા શોકને દૂર કરવાનો મુખ્ય ઉપાય છે.

સદ્‌ગુણ જીવને ઉપકારક હોવાથી ઉપાદેય છે, ને દુર્ગુણ જીવને અપકારક હોવાથી ત્યજવાયોગ્ય છે. સદ્‌ગુણ ને દુર્ગુણ સર્વપ્રકારે એકબીજાથી વિરુદ્ધ છે. દુર્ગુણનો આરંભ માણસને મોહ પમાડે એવો હોયછે, ને જો માણસ તેમાં મોહ પામે તો તેનું સુખ ઉત્તરોત્તર ઘટતું જશે, ને તેની શુભેચ્છાઓ નિવૃત્ત થવા માંડશે. બીજી બાજુએ જોઇએ તો સદ્‌ગુણનો આરંભ ઘણો યત્ન ભરેલો છે, પણ તે ચાલુ રાખ્યાથી યત્ન ઓછો થતો જાયછે, અને આનંદ વૃદ્ધિ પામતો જાયછે. સદ્‌ગુણો જેમ જેમ બળવાન્ થતા જાયછે તેમ તેમ તે સદ્‌ગુણી માણસને સંસાર સુખરૂપ જણાવા લાગેછે. તે સદ્‌ગુણી માણસ આગ્રહપૂર્વક પોતાનો સાચો માર્ગ પકડી રાખેછે, ને ઇચ્છિત મેળવી સુખી થાયછે.

પરદ્રવ્ય જેને વિષરૂપ છે, અન્ય સ્ત્રિઓ જેને માતારૂપ છે, ને પરહિંસા જેને પોતાની હિંસાસમાન છે, તે સત્પુરુષને ધન્ય છે. મહાપુરુષોના ચિત્તની નિર્મળતા વિષને પણ અમૃતરૂપ કરેછે, ને ચિત્તની નિર્મળતા જ સર્વ ધર્મમાં અગત્યની મનાયછે, માટે વિવેકીએ પોતાના ચિત્તને નિર્મળ કરવા ઘણામાં ઘણો આગ્રહ સેવવો જોઇએ. કામ, ક્રોધ, ને મોહ એ વિષરૂપ છે, ને સત્યધર્મ એ પરમામૃતરૂપ છે, માટે દુરાગ્રહ ત્યજી સત્યધર્મનું સ્વરૂપ સમજી તેનું અનુષ્ઠાન કરવાથી જ જીવને મોક્ષલાભ થાયછે.

મહાન્ સદાચરણી ને બ્રહ્મતત્ત્વને જાણનારા મહાત્માઓનું સ્મરણ, શ્રવણ, ને દર્શન એ શ્રદ્ધાળુ જીવને પરમ સુખ આપનાર છે. એવાં મહાત્માઓનું દર્શન દાનથી પ્રિયતર, પુણ્યથી પણ અધિક ફળ આપનાર, ને સદાચારથી પણ વખાણવાયોગ્ય છે.

એકાંતમાં કરેલું પાપ પોતાનું ફળ આપવામાં અસમર્થ થતું નથી, કિંતુ તે અવશ્ય પોતાનું ફળ આપેછે. શું નિર્જનદેશમાં અંધારે પીધેલું વિષ પીનારના પ્રાણોનું હરણ કરતું નથી? કરેછે જ.

ચિત્તરૂપ હાથી જો સદ્‌ગુરુના ઉપદેશરૂપ રજ્જુવડે સારી રીતે બંધાય તો સર્વ ભય દૂર થયું, ને સમગ્ર કલ્યાણ પ્રાપ્ત થયું, એમ જાણવું. સર્વ ભયો ને અગણિત દુઃખો ચિત્તના ચંચળપણાથી ઉપજેછે, ને ચિત્તને સ્થિર કરવાથી તે સર્વ દૂર થાયછે, માટે વિવેકીએ ચિત્તને સ્થિર કરવા પ્રયત્નવાન્ રહેવું ઉચિત છે.

સંતશાસ્ત્રની આજ્ઞાઓનો મન, વાણી, વા શરીરવડે ભંગ કરવો એ પાપ છે. સમજુએ કોઇ પણ પ્રકારનું પાપ કરવું નહિ, ને પ્રમાદથી કદી થઇ જાય તો તુરત પશ્ચાત્તાપ કરી પુનઃ તેવું પાપ કરવું નહિ. પાપીને પોતાના પાપકર્મનું ફળ ભોગવવું પડેછે. પાપીનું અંતઃકરણ વારે ઘડીએ તેના પાપકર્મનું સ્મરણ કરાવી તેને દુઃખ ઉત્પન્ન કરેછે. એ દુઃખ બરછીના માર કરતાં તથા કેદની શિક્ષા કરતાં પણ વધારે દુઃખદાતા છે. માણસના મનમાં રહેલા અંતર્યામી તેના અપરાધની શિક્ષા કરવાને પૂર્ણ શક્તિમાન્ છે. તે તેનું હસતું વદન પળવારમાં ફીકું કરી નાંખેછે, તેની ચળકતી આંખો તુરત ઝાંખી કરી નાંખેછે, ને તેનો મોટો સાદ થોડી વારમાં નરમ પાડી નાંખેછે.

જેમ સદાચરણનું અનુષ્ઠાન ચિત્તશુદ્ધિનો હેતુ છે, તેમ લૌકિકવૈદિકકર્મો નિષ્કામબુદ્ધિથી કરવાં એ પણ ચિત્તશુદ્ધિનો હેતુ છે. વિષયતૃષ્ણાને વશ થઈ કર્મો કરવાથી ચિત્ત મલિન રહેછે, ને સંસારમાં ભ્રમણ કરાવનારી એવી તૃષ્ણા ત્યજી ઈશ્વરપ્રીત્યર્થ કર્મો કરવાથી ચિત્ત નિર્મળ થાયછે. કામનાવાળા ચિત્તને કામનામાં રહેલા દોષોનું

પુનઃ પુનઃ દર્શન કરાવ્યા કરવાથી તે નિષ્કામ થાયછે, ને પછી તે કર્તવ્ય સમજીને કાંઇ પણ કામનાવિના કર્મમાં પ્રવૃત્તિ કરી શકેછે. એવું નિર્મળ ચિત્ત ઇશ્વરની ભક્તિ કરવામાં વાસ્તવિક અધિકારી થાયછે.

માણુસને જેવી સદાચરણુની અગત્ય છે, તેવી જ અગત્ય ઇશ્વરભક્તિની છે, ને જેવી ઇશ્વરભક્તિની અગત્ય છે, તેવી જ અગત્ય સદાચરણુની છે. ઇશ્વરની ભક્તિવિના સદાચરણુથી ચાલવું, ને સદાચરણુવિના ઇશ્વરની ભક્તિ કરવી એ જોઇએ તેવાં ઉપકારક નથી. આ પૃથિવીપર કેટલાક એવા પુરુષો જોવામાં આવેછે કે જેઓ દીનજનોને દાન આપેછે, ને સદાચરણથી ચાલવા પ્રયત્ન કરેછે; પણ ઇશ્વરભક્તિની અગત્ય છે એવું સમજતા નથી. તેઓ પ્રામાણિકમાં ખપવાનો વિચાર રાખેછે, ને પ્રામાણિકપણાપર, સ્વદેશપ્રીતિપર, દાનપર, ને સત્યતાપર ઘણો ગર્વ ને આધાર રાખેછે, પણ ઇશ્વરભક્તિને તેઓ નકામી સમજેછે. તેઓ ધારેછે કે ઇશ્વરભક્તિની અગત્ય વહેમી ને નિર્બળ મનના માણસોને છે, પણ અમારા જેવા વહેમરહિત બુદ્ધિમાન્ માણસોને તેની અગત્ય નથી. એવી ઉંધી સમજવાળા માણસોએ જાણવું જોઇએ કે ઇશ્વરભક્તિવિના તેઓનું અંતઃકરણ પાષાણજેવું જડ રહેછે. આ વિશાળ પૃથિવીપર કેટલાક મનુષ્યો રાજાવિનાના, દેશના નિયમવિનાના, ને વિદ્યાકળાવિનાના હશે, પણ ઇશ્વરની ભક્તિવિનાના નહિ હોય, અર્થાત્ ગમે તે પ્રકારે તેઓ ઇશ્વરની ભક્તિ કરતા હશે. જ્યારે અજ્ઞાનવાળી સ્થિતિમાં પણ તેઓની સાધારણબુદ્ધિથી તેમને ઇશ્વરભક્તિની અગત્ય જણાઇ છે, ત્યારે સુધરેલી સ્થિતિમાં ઇશ્વરનો આભાર માનવાની તથા તેની સ્તુતિ કરવાની કેટલી અગત્ય હોવી જોઇએ ? તેનો તેઓ વિચાર

કરતા નથી. જો કોઇ પણ માણુસ પોતાનામાં સદાચરણ છતાં ઇશ્વિરભક્તિ ન કરતો હોય તો તેપરથી એટલું સ્પષ્ટ જણાય કે તેનામાં તેવી સ્વાભાવિક ઇચ્છા ઉપજતી નથી, અથવા તેવી ઇચ્છાને તે બળાત્કારથી રોકી રાખવાની યુક્તિ કરેછે. જે અંતઃકરણ પોતાનું સર્વથી અગત્યનું કામ કરવાને આળસુ વા અજાણ્યું રહે તો તે અંતઃકરણમાં અવશ્ય કોઇ પણ પ્રકારના કુસંસ્કારો રહ્યા હશે. વધારે સ્પષ્ટતાથી કહીએ તો ઇશ્વિરભક્તિભણી લક્ષ્ય નહિ રાખનાર મનુષ્ય સદાચરણથી ચાલી શકવા સમર્થ થતો નથી. માણસના નબળા મનનું વલણ દુરાચરણભણી બહુધા વધારે હોયછે, અને આ પૃથિવીપર માણસને લોભાવનારી વસ્તુઓ બહુ હોવાથી તેના ભણી જતા મનને અટકાવવાસારુ માણસને ઇશ્વિરભક્તિની અગત્ય છે. સારાસારનું જ્ઞાન, પ્રામાણિકપણું, ને પરોપકારબુદ્ધિ માણસના કામક્રોધાદિ વિકારોને રોકવા ઘણી વાર અશક્ત થઇ જાયછે. કદાચ કેટલાક સમયસુધી ઇશ્વિરભક્તિવિના માણસ સદાચરણનું અનુષ્ઠાન કરી શકે, પરંતુ જ્યારે તેના પર એકાદ મહાન્ વિપત્તિનો પ્રસંગ આવે, ને દુઃખથી તેનું હૃદય ભરપૂર થઇ જાય, ત્યારે તેને તુરત જણાશે કે ઇશ્વિરની ભક્તિવિના ને તેના સાહાય્યવિના મનુષ્યથી કાંઇ કરી શકાતું નથી. ઇશ્વિરની ભક્તિ ને ઇશ્વિરના સાહાય્યવિનાનું મન દુઃખના બળવાન્ તરંગોમાં તણાઇ જશે, તાત્પર્ય કે ઇશ્વિરભક્તિરૂપ પાયાવિનાનું સદાચરણરૂપ મહાલય સર્વથા પડી જવાના ભયમાં છે. જે નેત્ર પ્રભુના વિયોગથી આંસુ પાડેછે, તે નેત્ર જ આનંદવાળાં છે, ને જે હૃદય તેના વિયોગથી તપેછે, તે હૃદય યથાર્થ ભાગ્યવાન્ છે. પ્રભુમાટેના પ્રત્યેક વિલાપની પછવાડે અનુપમ હાસ્ય રહેલું છે. ઇંદ્રિયો ને અંતઃકરણ પ્રભુમાં વિરામવાથી

તેમને જે સુખાનુભવ થાયછે, તે નિરુપમ છે. ભક્તમાં ધૈર્ય અને દૃઢતાની બહુ અગત્ય છે. ઇશ્વરેચ્છાથી જે અનુકૂળપ્રતિકૂળ પ્રસંગ પ્રાપ્ત થાય તેનો સમભાવવડે તેણે આદર કરવો જોઇએ, પરંતુ લેશ પણ મુંઝાવું નહિ જોઇએ. ફરતા મનના માણસથી કાંઇ કામ સિદ્ધ કરી શકાતું નથી, ત્યારે ઇશ્વરપ્રાપ્તિરૂપ મહાન્ કાર્ય તેવા મનવાળાથી શી રીતે સિદ્ધ કરી શકાય ? માટે ભક્તમાં દૃઢતા જોઇએ. વળી તેણે અંતઃકરણના પશુભાવને અત્યંત દૂર કરી નાંખી દેવભાવને વધારવો જોઇએ.

સદાચરણવિના ઇશ્વરભક્તિ પણ નકામી છે. જેઓ અન્ય મનુષ્યોને દુઃખના સમયમાં સાહાય્ય નહિ કરી અથવા તેઓને દુઃખ દઇ એવું સમજેછે કે તેઓ નિત્ય ઇશ્વરની ભક્તિ તથા પૂજા કરેછે, તેથી તેઓના અપરાધો ઇશ્વર ક્ષમા કરશે, પરંતુ એવા મનુષ્યોએ જાણવું જોઇએ કે જો તેઓનું અંતઃકરણ પવિત્ર નહિ હશે, ને તેઓએ અન્ય મનુષ્યોને સાહાય્ય નહિ કરતાં દુઃખ આપ્યું હશે તો તેઓની ઇશ્વરભક્તિ દંભરૂપ હોવાથી નકામી જ ગણાશે, ને ઇશ્વર તેમના અપરાધોની ક્ષમા નહિ આપે. તેઓ ઇશ્વરના ભક્ત છે, તેથી તેઓના ગમે તેવા અપરાધો ઇશ્વર ક્ષમા કરશે, એ તેઓનો વિચાર કેવળ કલ્પિત, ભૂલ ભરેલો, શાસ્ત્રથી વિપરીત, ને બુદ્ધિથી ઊલટો છે. ઇશ્વરભક્તિમાં પ્રીતિ રાખનારે સદાચરણપર તથા પ્રાણિઓપર પણ પ્રીતિ રાખવી જોઇએ. જે મનુષ્ય ઇશ્વરભક્તિપર પ્રેમ રાખતો જણાયછે, પણ સદાચરણપર વા અન્ય પ્રાણિઓપર પ્રેમ રાખતો પ્રતીત થતો નથી, તેની ભક્તિ દંભરૂપ ગણાયછે. જે પુરુષ પ્રભુની કીર્તનભક્તિ કરતો જણાયછે, પણ સામર્થ્ય છતાં પાત્રયોગે દાન કરતો નથી; જે પુરુષ સાંજસવાર માળા ફેરવેછે, પણ અન્ય મનુ·

બ્યોની સાથે ઠગાઇ કરવાનું કામ ત્યજતો નથી; જે પુરુષ સાંજસવાર મંદિરમાં જાયછે, પણ દુરાચરણમાં પ્રીતિ રાખેછે; તે પુરુષ જેને ઈશ્વિરભક્તિ એવું નામ આપેછે, તે કાંઇ જ નહિ, પણ માત્ર નામની ને લોકોને દેખાડવાની છે.

કેટલાક એવા પુરુષો જોવામાં આવેછે કે જેઓ પોતાના વણજવેપારમાં અથવા અન્યધંધામાં પ્રામાણિકતાથી ચાલતા નથી. દહાડામાં ઘણી વાર મિથ્યા બોલેછે, ને બહુ વાર ધર્મના સમ ખાયછે, વિધવાઓનું ને માબાપવિનાનાં નાનાં બાળકોનું દ્રવ્ય પચાવી પાડેછે, સેવા (નોકરી) કરતા હોય તો લાંચ લેછે, વા બીજાઓને પીડા કરેછે, ને એમ વિચારેછે કે હાથમાં માળા લઇ બે ઘડી ઈશ્વિરભજન કરવાથી, વા નિત્ય મંદિરમાં જઇ દેવદર્શન કરવાથી, અથવા વૃદ્ધાવસ્થામાં એકાદ મોટી તીર્થયાત્રા કરવાથી, તેઓનાં સઘળાં પાપ ધોવાઇ જશે, અને તેઓને સ્વર્ગાદિની પ્રાપ્તિ થશે. આ તેમનો વિચાર કેવળ ભૂલ ભરેલો છે, એમ સાધારણ બુદ્ધિથી વિચારતાં પણ જણાઇ આવેછે. સદાચરણવિના માત્ર ભજનકીર્તનથી, દેવદર્શનથી, કે તીર્થયાત્રાથી ઈશ્વર પ્રસન્ન થતા નથી, કેમકે તેઓ માણસની આવી કપટયુક્ત ભક્તિ સ્વીકારતા નથી.

નિર્મળચિત્તવડે સ્વસ્વરૂપનું અનુસંધાન કરવું એ પણ ભક્તિ છે. આ ભક્તિ વેદાંતના નિદિધ્યાસનરૂપ છે. એ ભક્તિનો પરિપાક થવાથી પુરુષને પોતાના સ્વરૂપનો અનુભવ થાયછે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ એ યોગનાં અંગોનું અનુષ્ઠાન કરવાથી ક્રમાત્ બુદ્ધિની શુદ્ધિ થઇ તેમાં રહેલી અવિદ્યા નિવૃત્ત થવા માંડેછે. બુદ્ધિની પ-

રિપૂર્ણ શુદ્ધિ થતાં અવિદ્યાની અત્યંતનિવૃત્તિ થઇ જવાથી બુદ્ધિ ને તેના કારણ પ્રકૃતિથી ભિન્ન અનુભવેલું આત્મતત્ત્વ સ્વસ્વરૂપમાં સ્થિત થાયછે. આ જ આત્મા વા પુરુષનું કૈવલ્ય કહેવાયછે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, ને અપરિગ્રહ એ યમ કહેવાયછે. કોઇ પણ પ્રાણીને મન, વાણી, વા શરીરવડે પીડા ન કરવી તે અહિંસા કહેવાયછે; સાવધાનતાપૂર્વક અવલોકન કરતાં જેવું જાણવામાં આવ્યું હોય વા પ્રામાણિકપુરુષદ્વારા જેવું સાંભળવામાં આવ્યું હોય તેવું કોઇનું અહિત નહિ કરનારું પ્રયોજનવશાત્ અન્યને પોતાના જેવું જ્ઞાન થવામાટે સ્પષ્ટ શબ્દોમાં કહેવું તે સત્ય કહેવાયછે; કોઇની કાંઇ પણ વસ્તુ તેમની અનુમતિવિના ન લેવી તે અસ્તેય કહેવાયછે; અન્ય ઇંદ્રિયોસહિત ઉપસ્થનો નિગ્રહ બ્રહ્મચર્ય કહેવાયછે; અને મમતાપૂર્વક કોઇ પણ પદાર્થનો સંગ્રહ ન કરવો તે અપરિગ્રહ કહેવાયછે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ને ઇશ્વરપ્રણિધાન એ નિયમ છે. શૌચ બે પ્રકારનું છે, બાહ્યશૌચ ને આંતરશૌચ. શરીરને જલ તથા માટીઆદિથી શુદ્ધ કરવું તે બાહ્યશૌચ, ને સુખી પ્રાણિઓમાં મૈત્રીની, દુ:ખી પ્રાણિઓમાં કરુણાની, પુણ્યવાનોમાં હર્ષની, ને પાપીમાં ઉપેક્ષાની ભાવના રાખી ચિત્તમાંના ઇર્ષ્યા, અપકાર કરવાની ઇચ્છા, ગુણમાં દોષદર્શન, ને ક્રોધાદિ દોષોને દૂર કરવા તે આંતરશૌચ કહેવાયછે. શાસ્ત્રે વિધાન કરેલો પ્રયત્ન સાવધાનતાપૂર્વક કરવાથી જે અન્નવસ્ત્રાદિ પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી તે સંતોષ, આહાર નિદ્રા તથા ઇંદ્રિયોને નિયમમાં રાખવાં તે તપ, સદ્ગુરુએ ઉપદેશ કરેલા મંત્રને અર્થના સ્મરણપૂર્વક જપવો વા સત્શાસ્ત્રોનું સમજપૂર્વક વાચન કરવું તે સ્વાધ્યાય, ને કર્તાપણાની તથા ફળની

ઇચ્છા ત્યજી સર્વ કર્મો પરમેશ્વરને અર્પણ કરવાં તે ઈશ્વરપ્રણિધાન કહેવાયછે. યમનિયમનું અનુષ્ઠાન કરવાથી તે સાધકના ચિત્તમાં રહેલા પાપસંસ્કારો બળહીન થઇ જાયછે, અંતઃકરણ શુદ્ધ થવા લાગેછે, ને પાપભણીની રુચિ દૂર થઇ જાયછે. ચિત્તને વ્યાકુળતા ન થાય ને શરીર કંપે નહિ એવીરીતે બેસવું તે આસન કહેવાયછે. સિદ્ધાસન, પદ્માસન, ને સ્વસ્તિકાસન એ ત્રણ આસન યોગાભ્યાસીને વિશેષ ઉપયોગી છે. ડાબા પગની પાની ઉપસ્થના મૂળપર રાખી તે પગની પાનીપર જમણા પગની પાની રાખી સ્વસ્થ થઇ સીધા બેસવું તે એક પ્રકારનું સિદ્ધાસન કહેવાયછે. જમણો પગ ડાબા સાથળપર રાખી તથા ડાબો પગ જમણા સાથળપર રાખી સ્વસ્થ થઇ સીધા બેસવું તે પદ્માસન કહેવાયછે. જમણા સાથળ તથા પિંડીની વચ્ચે ડાબો પગ રાખીને તથા ડાબા સાથળ ને પિંડીના મધ્યમાં જમણો પગ રાખીને સ્વસ્થ થઇ સીધા બેસવું તે સ્વસ્તિકાસન કહેવાયછે. આસન વા જપવડે અંતઃકરણમાં રહેલો રજોગુણ બળહીન થઇ જાયછે. ત્રણમાંનું કોઇએક આસન સિદ્ધ થયાપછી અર્થાત્ એક પ્રહર તે આસને સુખપૂર્વક બેસી રહેવાનું બળ મેળવ્યાપછી પ્રાણાયામનો અભ્યાસ કરવાનો અધિકાર આવેછે. પ્રાણવાયુને સારી રીતે સ્થિર રાખવો તે પ્રાણાયામ કહેવાયછે. તેના ત્રણ ભેદ છે, પૂરકપ્રાણાયામ, કુંભકપ્રાણાયામ, ને રેચકપ્રાણાયામ. જમણા નાસાપુટને જમણા હાથના અંગુઠાવડે દબાવી રાખી, ગુદા તથા ઉપસ્થને સંકોચી રાખી, મધ્યમવેગવડે સોળ ૐકારનો મનમાં જપ કરતાસુધી બહારના પવિત્ર વાયુને ડાબા નાસાપુટદ્વારા શરીરની અંદર ખેંચવો તે પૂરકપ્રાણાયામ કહેવાયછે. પૂરેલા વાયુને મનમાં

ચોસઠ ૐકારનો જપ કરતાસુધી શરીરમાં રોકી રાખવો તે કુંભકપ્રાણાયામ કહેવાયછે. કુંભક કરતી વેળા જમણા હાથની અનામિકા તથા કનિષ્ઠિકાથી ડાબા નાસાપુટને પણ દબાવી દેવું, ને ડોકને સારી રીતે નમાવવી. પછી પૂર્વની પેઠે ડોકને સીધી કરી જમણા નાસાપુટપરથી અંગૂઠો ઊપાડી લઇ નાભિને બરડાભણી સંકોચી રોકેલા વાયુને મનમાં બત્રીશ ૐકારનો જપ કરતાસુધી ધીરે ધીરે બહાર કાઢવો તે રેચકપ્રાણાયામ કહેવાયછે. પૂરકપ્રાણાયામને પૂરક, કુંભકપ્રાણાયામને કુંભક, ને રેચકપ્રાણાયામને રેચક પણ કહેવામાં આવેછે. પ્રથમ પૂરક, પછી કુંભક, પછી રેચક, પશ્ચાત્ રેચક કર્યો હોય ત્યાંથી પૂરક, પછી કુંભક, ને અંતે જ્યાંથી પ્રથમ પૂરક કર્યો હતો ત્યાંથી રેચક કરવો, આ અનુલોમવિલોમપ્રાણાયામ કહેવાયછે. આહારને નિયમમાં રાખી આ અનુલોમવિલોમપ્રાણાયામનો અભ્યાસ નિત્યપ્રતિ સાંજસવાર યથાશક્તિ કરવાથી નાડીઓની શુદ્ધિ થાયછે. નાડીઓની શુદ્ધિ થવાથી અંતઃકરણમાંનો રજોગુણ તથા તમોગુણ ન્યૂન થઇ જાયછે, ને તેથી તેમાં ધારણાનો અભ્યાસ કરવાની યોગ્યતા આવેછે. દીર્ઘકાળ પ્રાણાયામનો અભ્યાસ કરી પ્રાણવાયુની ગતિનો સારી રીતે નિરોધ કરી શકાય તો પ્રાણની ગતિના રોધની સાથે મનોવૃત્તિનો પણ રોધ થાયછે, અને વાસનાઓ બળહીન થઇ જાયછે. ઇંદ્રિયોનો પોતપોતાના વિષયની સાથે સંયોગ ન થયો હોય તે કાળે તેઓનું ચિત્તના સ્વરૂપને અનુસરવું થાય તે પ્રત્યાહાર કહેવાયછે, અર્થાત્ ઇંદ્રિયોને અનુસરનારો ચિત્તનો સ્વભાવ દૂર કરી ઇંદ્રિયોને ચિત્તને અનુસરનારી કરવી તે પ્રત્યાહાર કહેવાયછે. નાસિકાગ્ર, હૃદય, કે બ્રહ્મરંધ્રાદિમાં સ્થિત ચૈતન્યમાં ચિત્તવૃત્તિને સ્થિર

કરવા યત્ન કરવો તે ધારણા કહેવાયછે. જે વિષયમાં ધારણા કરેલી હોય તે વિષયમાં જ ચિત્તવૃત્તિઓની અખંડધારા ચલાવવી તે ધ્યાન કહેવાયછે. ધારણામાં ધ્યેયમાંથી વૃત્તિ ચલાયમાન થઈ અન્યવિષયને આકારે થઇ જાયછે, ને ધ્યાનમાં વૃત્તિ ધ્યેયમાં જ રહેછે, એટલો એ બંનેમાં ભેદ છે. ધ્યાનનો પરિપાક સમાધિ, સમાધિનો પરિપાક સંયમ, સંયમનો પરિપાક સંપ્રજ્ઞાતયોગ, ને સંપ્રજ્ઞાતયોગનો પરિપાક અસંપ્રજ્ઞાતયોગ છે. સંપ્રજ્ઞાતયોગકાલે ચિત્તવૃત્તિ ધ્યેયાકાર થઇ રહેછે, બહારના વા અંતરના કોઈ અન્ય પદાર્થને આકારે થતી નથી, નિદ્રાવડે લય પણ પામતી નથી, તથા પૂર્વે અનુભવેલા કોઇ પણ વિષયનું તે સ્મરણ કરતી નથી. તે કાળે તે અસંગ તથા અક્રિય આત્મસ્વરૂપમાં વિરામી સર્વદુઃખથી રહિત થાયછે.

વૈરાગ્ય ને શ્રદ્ધાવિના ધ્યેયમાં ચિત્તને સ્થિર કરવારૂપ અભ્યાસનો પરિપાક થઇ શકતો નથી, અને અભ્યાસવિના વૈરાગ્ય તથા શ્રદ્ધાનો પણ પરિપાક થઇ શકતો નથી. આ લોક પરલોકના વિષયોમાં ભટકતું તથા શ્રદ્ધારહિત એટલે યોગના પ્રામાણિકપણાના નિશ્ચયવિનાનું ચિત્ત આત્મસ્વરૂપમાં એકાગ્ર થઇ શકે નહિ એ દેખીતું જ છે, અને ઉત્સાહપૂર્વક નિરંતર અભ્યાસ ન થાય તોપણ વૈરાગ્ય તથા શ્રદ્ધા મોળાં પડી જાયછે. એવીરીતે અભ્યાસ પોતાના પરિપાકમાટે વૈરાગ્ય ને શ્રદ્ધાની અપેક્ષા રાખેછે, તથા વૈરાગ્ય ને શ્રદ્ધા પોતપોતાના પરિપાકમાટે અભ્યાસની અપેક્ષા રાખેછે.

અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, ને અભિનિવેશ એ પાંચ ભેદવાળી અવિદ્યાને પાંચ ક્લેશો પણ કહેવામાં આવેછે. અમુક વસ્તુમાં તેનાથી વિપરીત અન્યવસ્તુનું જ્ઞાન અવિદ્યા કહેવાયછે. એ અવિ-

ઘાવડે જ પુરુષને દેહાદિ જડ પદાર્થમાં આત્માની બુદ્ધિ, સ્ત્રીઆદિના અપવિત્રશરીરમાં પવિત્રપણાની બુદ્ધિ, સ્વર્ગાદિ અનિત્ય પદાર્થમાં નિત્યપણાની બુદ્ધિ, ને દુઃખદ વિષયોમાં સુખની બુદ્ધિ થાયછે. બુદ્ધિ ને આત્માના અભેદની ભ્રાંતિ તે અસ્મિતા કહેવાયછે, વિષયજન્ય સુખ ને સુખનાં સાધનોમાં પ્રીતિ તે રાગ કહેવાયછે, દુઃખ ને દુઃખનાં સાધનોભણી ક્રોધ તે દ્વેષ કહેવાયછે, ને મરણનું અત્યંતભય તે અભિનિવેશ કહેવાયછે. એ પાંચ ભેદવાળી અવિદ્યાના સદ્ભાવથી જ પુરુષ ત્રિવિધ તાપનો અનુભવ કરેછે. આધ્યાત્મિક, આધિભૌતિક, ને આધિદૈવિક એ ત્રિવિધ તાપનાં નામો છે. સ્થૂળશરીરમાં જ્વરાદિ રોગો ઉપજવાથી ને સૂક્ષ્મશરીરમાં કામક્રોધાદિ વિકારો ઉત્પન્ન થવાથી જે પીડા થાય તે આધ્યાત્મિકતાપ, ચોરસિંહાદિ અન્ય પ્રાણિઓથી જે પીડા થાય તે આધિભૌતિકતાપ, ને અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિઆદિવડે જે પીડા થાય તે આધિદૈવિકતાપ કહેવાયછે. પુરુષને જ્યારે કૈવલ્યની પ્રાપ્તિ થાય ત્યારે અવિદ્યાનો અત્યંત લય થઇ ગયેલો હોવાથી પુરુષના એ ત્રિવિધ તાપનો અત્યંતનાશ થઇ જાયછે.

વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ, ને મુમુક્ષુતા આ ચાર સાધનવાળો પુરુષ વેદાંતશાસ્ત્રના શ્રવણનો અધિકારી ગણાયછે. એ અધિકારીના ચિત્તમાં પાપસંસ્કારો ન્યૂન હોયછે, ને તેનું ચિત્ત પણ શાંતિયુક્ત હોયછે. આ નામ, રૂપ, ને ક્રિયાવાળું જગત્ ક્ષણે ક્ષણે પરિણામ પામી નાશ પામવાના સ્વભાવવાળું છે, અને તેની જેમાં સ્થિતિ છે તે બ્રહ્મતત્ત્વ અપરિણામી ને નિત્ય છે એવી જે દૃઢ સમજ તે વિવેક કહેવાયછે, ને આ લોકના સ્ત્રી દ્રવ્ય ને કીર્તિઆદિ વિષયોથી માંડીને સત્યલોકના અપ્સરાઆદિક દિવ્યવિષયોમાં આસક્તિ-

નો અભાવ તે વૈરાગ્ય* કહેવાયછે. શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ, ને તિતિક્ષા એ શમાદિ ૭ સંપત્તિનાં નામો છે. મનને વિ-

---

* સાંસારિક વિષયોમાં આરૂઢ વૈરાગ્યની પ્રાપ્તિ થયાવિના જીવ-બ્રહ્મના અભેદાનુભવરૂપ જ્ઞાનની તથા ચિત્તની વૃત્તિઓરહિત અવસ્થા-રૂપ વા એકાગ્રતારૂપ યોગની પ્રાપ્તિ થઈ શકતી નથી, માટે જ્ઞાન, વા યોગ, કિંવા બંને સંપાદન કરવા ઇચ્છનારે પોતાના ચિત્તને વિષયોમાં આરૂઢ વૈરાગ્યવાળું કરવું જોઇએ. આરૂઢ વૈરાગ્યનો લાભ સ્ત્રી ને દ્રવ્યાદિ વિષયોમાં દૃઢદોષદર્શન કરવાથી થાયછે. સ્ત્રીદ્રવ્યાદિમાં રહેલો જન્મજન્માં-તરનો રાગ નિવૃત્ત કરી આરૂઢ વૈરાગ્ય ઉપજાવવા મનને વારંવાર તેમાં આ પ્રમાણે દોષદર્શન કરાવવું જોઇએઃ—"હે મન ! તું સદ્ગુરુનું કે બ્રહ્મતત્ત્વનું સ્મરણધ્યાન ત્યજી દઇ નિરંતર સ્ત્રીશરીરનું સ્મરણ તથા ધ્યાન શામાટે કર્યા કરેછે ? મળમૂત્રનો ત્યાગ કરવાના સ્થાનનું કોઇ મૂર્ખ માણસ પણ સ્મરણ કરતું નથી, તો તું એ શરીર કે જે શરીરના એક જાતના મળનો ત્યાગ કરવાનું સ્થાન છે તેનું તું કેમ વારે વારે પ્રીતિથી સ્મરણધ્યાન કરી મહામૂર્ખ બનેછે? એ સ્ત્રીશરીરમાં વાળ, ત્વચા, નાડીઓ, સ્નાયુઓ, હાડકાં, માંસ, લોહી, ને મેદાદિ અપવિત્ર પદાર્થો છે, તેમને પૃથક્ કરીને જો. તેમાં અનુરાગ કરવાજેવું શું છે ? કાંઇ જ નથી. એ સર્વને પૃથક્ કરીને જોતાં તો ચિત્તમાં ગ્લાનિ જ ઉપજે એમ છે. અજ્ઞાનને લીધે જ તને સ્ત્રીના અપવિત્ર અવયવોમાં રમણીયતા લાગેછે. જેમ સૂકાં લાકડાં અથવા ઘી નાંખવાથી પ્રજ્વલિત અગ્નિ શાંત થતો નથી, પણ ઊલટો વૃદ્ધિ પામેછે, તેમ વિષયોના ઉપભોગથી તને શાંતિની પ્રાપ્તિ નહિ થાય, કિંતુ વિષય-તૃષ્ણાની વૃદ્ધિદ્વારા દુઃખની જ પ્રાપ્તિ થશે. તેં પૂર્વજન્મોમાં વિવિધ વિષયો ભોગવ્યા છે, છતાં તે ભોગથી તને તૃપ્તિ થઈ હોય એમ જણાતું નથી, વિષયના ભોગથી તને તૃપ્તિ થવા સંભવ નથી, પણ દૃઢદોષદર્શનપૂર્વક વિષયના ત્યાગથી જ તૃપ્તિ થવા સંભવ છે. હે મન ! તેં બહુવાર વિષયસેવન કર્યું છે, ને તેના કડવા પરિણામનો પણ તેં પુષ્કળ વાર અનુભવ કર્યો છે, છતાં

હિત વિષયોમાં જોડી રાખવાનું ને નિષિદ્ધ વિષયના ચિંતનમાં ન જવા દેવાનું બળ શમ કહેવાયછે, ઇંદ્રિયોને તેમના વિહિત વિષયોમાં પ્રવૃત્ત

---

હજી તું મૂર્ખની પેઠે તે એઠા ને દુઃખદ વિષયો ભોગવવા શામાટે તલખ્યા કરેછે ? હવે તેઓમાં પૂર્ણ સંતોષ રાખી બ્રહ્મધ્યાનરૂપ અમૃતનું પાન કરી સુખી થા. ”

“ હે મન ! દ્રવ્યતૃષ્ણાને વશ થઇ તું શામાટે નિરંતર તપ્યા કરેછે? વિચારી જો, દ્રવ્યથી તને કયું સ્થાયી ને નિર્દોષ સુખ મળી શકે એમ છે ? કોઇ પણ નહિ. દ્રવ્યની તૃષ્ણા મિથ્યાભાષણાદિ ઘણા દોષોમાં પ્રવૃત્તિ કરાવેછે એ શું તારા જાણવામાં નથી ? ઘણા અનર્થો કરતાં છતાં પણ જો ભાગ્યમાં દ્રવ્ય ન હોય તો મળતું નથી. પ્રારબ્ધયોગે જેને પુષ્કળ દ્રવ્ય મળેછે તે શું સુખી હોયછે ? ના, સુખી હોતા નથી, એમ જ કહેવું પડશે. તે બિચારા તે દ્રવ્યને સાચવી રાખવાની જંજાળમાં નિરંતર દુઃખી હોયછે. તેઓ દ્રવ્યનો વ્યય કરતાં બીએછે, ને પ્રારબ્ધયોગે જો તેમના દ્રવ્યનો નાશ થાય તો તેઓ બહુ દુઃખી થઈ જાયછે. દ્રવ્ય પુષ્કળ હોય ને સુબુદ્ધિ ન હોય તો તે દ્રવ્ય તેને સુખના સાધનરૂપ થવાને સ્થાને અવળે માર્ગે લઇ જઇ દુઃખના જ સાધનરૂપ થાયછે. સંતોષના જેવું બીજું સુખ નથી, માટે વિહિત ઉદ્યોગ કરતાં જે દ્રવ્ય નિર્દોષરીતે મળે તેનો જ સદુપયોગ કરી પ્રસન્ન રહે. અન્નવસ્ત્રાદિમાટે તે ધન પૂરતું છે તો પછી નકામી તૃષ્ણાને વશ થઇ તું ચિંતારૂપ ચિતામાં શામાટે બળ્યા કરેછે ? ”

“ વિશ્વમાં કયો પદાર્થ સ્થાયી છે ? સર્વ ક્ષણભંગુર છે. પૃથિવીપર મોટા મોટા ઘણા ઘણા રાજાઓ ને સત્તાધારીઓ ચાલ્યા ગયા, જેમનાં નામમાત્ર અવશેષ રહ્યાં છે, ને ઘણાનાં નામમાત્ર પણ વર્તમાનમાં લોકોના જાણવામાં નથી. ધનાઢ્યોનું પણ એમ જ થયું છે. વિવિધ વિદ્યા જાણનારા વિદ્વાનો ને કલાભિજ્ઞો પણ કાળની જ્વાળામાં બળી ગયા છે. રૂપવાન્ સ્ત્રીપુરુષો ને બળવાન્ મલ્લો પણ મશાણમાં કે ઘોરઆદિમાં પડી આ વિશ્વમાંથી વિદાય થયાં છે. બળવાન્ કાળ સર્વનો નાશ કરવા સર્વદા ઉદ્યુક્ત છે, ને નામ તેનો નાશ સર્વત્ર જોવામાં આવેછે, તો વિશ્વમાંના કયા વિષયમાં સ્નેહ કરવો ? કોઇમાં નહિ. ”

રાખવાનું ને નિષિદ્ધ વિષયોમાં ન જવા દેવાનું સામર્થ્ય દમ કહેવાયછે, સદ્ગુરુ ને સત્શાસ્ત્રના વચનમાં પ્રામાણિકપણાનો નિશ્ચય શ્રદ્ધા કહેવાયછે, ચિત્તની ચંચળતા દૂર કરી તેને સત્ત્વગુણની વૃદ્ધિ કરનારા કોઇ એક વિષયમાં એકાગ્ર રાખવાનું બળ સમાધાન કહેવાયછે, ત્યજી દીધેલા વિષયમાં સ્વાભાવિક ઉદાસીનતા રહે તે ઉપરતિ વા ઉપરામ કહેવાયછે, અને પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થતાં હાનિલાભ, માનઅપમાન, ભૂખતરષ, ને ટાઢતડકાને સહન કરવાનું બળ તિતિક્ષા કહેવાયછે. આધ્યાત્મિકાદિ ત્રણ પ્રકારનાં દુઃખની અત્યંતનિવૃત્તિ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિ મોક્ષ કહેવાયછે. એવો મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા તે મુમુક્ષતા કહેવાયછે.

ઉપર કહેલાં ચાર સાધનો સંપાદન કર્યાપછી શ્રોત્રિય એટલે સત્શાસ્ત્ર તથા શિષ્યોના ચિત્તને સમાધાન આપવાની સુયુક્તિઓ જાણનારા અને બ્રહ્મનિષ્ઠ એટલે પોતાના ચિત્તની બ્રહ્મમાં સ્થિતિ રાખનારા કરુણાળુ સદ્ગુરુનું તે જિજ્ઞાસુ અનન્યભાવે શરણ ગ્રહણ કરી તેમની પાસેથી મન તથા શ્રોત્રને સાવધાન રાખી શ્રદ્ધા તથા પ્રીતિથી વેદાંતશાસ્ત્રો સાંભળે તે શ્રવણ કહેવાયછે. એવીરીતે શ્રવણ કરવાથી તે જિજ્ઞાસુને સર્વશાસ્ત્રો અદ્વિતીય બ્રહ્મનું નિરૂપણ કરનારાં છે, અર્થાત્ કોઇ શાસ્ત્રો સાક્ષાત્ બ્રહ્મનું નિરૂપણ કરેછે, ને કોઇ શાસ્ત્રો પરંપરાવડે બ્રહ્મનું નિરૂપણ કરનારાં છે, એમ તેના જાણવામાં આવેછે. એવીરીતે સારગ્રાહી બુદ્ધિથી શાસ્ત્રોના પ્રતિપાદનનો વિષય જાણવાથી શાસ્ત્રો દ્વૈતનાં પ્રતિપાદક હશે કે અદ્વૈતનાં પ્રતિપાદક હશે ? એવો સંશય તેના ચિત્તમાં રહેતો નથી. શ્રવણ કરેલા વિષયનો એકાંતે બેસી યુક્તિપૂર્વક વિચાર કરી તે વિષયની

સત્યતાને મનમાં દૃઢ કરવી તે મનન કહેવાયછે. એવીરીતે મનન કરવાથી તે જિજ્ઞાસુના આત્માના, મોક્ષના, ને મોક્ષસાધનના સ્વરૂપવિષેના સર્વ સંશયો નિવૃત્ત થઇ જાયછે. વ્યાવહારિકરીતે ભેદ પ્રતીત થાયછે, છતાં પારમાર્થિકરીતે તે ભેદ મિથ્યા છે, ને અભેદ જ સત્ય છે, એવો તેને દૃઢ નિશ્ચય થાયછે. સૂર્ય થાળીજેવડો દેખાયછે, આકાશ નીલરંગવાળું દેખાયછે, ને આગિયો અગ્નિજેવો દેખાયછે, છતાં શાસ્ત્ર જાણનારાઓ સૂર્યને પૃથિવીથી ઘણો મોટો, આકાશને રંગવિનાનું, ને આગિયાને અગ્નિના દાહકધર્મથી રહિત જાણેછે, તેમ જ ભેદ પ્રત્યક્ષપ્રમાણવડે પ્રતીત થાયછે, છતાં શાસ્ત્ર જાણનારાએ સ્વપ્નમાં પ્રતીત થતા ભેદની પેઠે જાગ્રત્‌માં પ્રતીત થતા તે ભેદને ભ્રાંતિરૂપ ગણી અભેદને જ સત્ય માનેછે. એવીરીતે શ્રવણવડે પ્રમાણગતસંશય—શાસ્ત્ર દ્વૈતનું પ્રતિપાદન કરતું હશે કે અદ્વૈતનું પ્રતિપાદન કરતું હશે એવી શંકા ને મનનવડે પ્રમેયગતસંશય-બ્રહ્મઆદિના સ્વરૂપની શંકા—દૂર થાયછે. મનનના પરિપાકવડે જગત્ મિથ્યા છે, ને બ્રહ્મ સત્ય છે, એવી દૃઢ પ્રતીતિ થયાપછી જિજ્ઞાસુએ નિદિધ્યાસ કરવો જોઇએ. અદ્વિતીયબ્રહ્મને આકારે વૃત્તિઓનો પ્રવાહ ચલાવવો, ને તેથી ભિન્ન પદાર્થને આકારે વૃત્તિને ન થવા દેવી તે નિદિધ્યાસ કહેવાયછે. નિદિધ્યાસના પરિપાકવડે આત્મસ્વરૂપથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર થયે દેહમાં રહેલી હુંપણાની બુદ્ધિ ને જગત્‌માં રહેલી સત્યપણાની બુદ્ધિ જે વિપરીતજ્ઞાન કહેવાયછે, તે નાશ પામેછે. પછી તેને ત્રણ શરીરમાં વા પાંચ કોશમાં આત્માની બુદ્ધિ ને નામરૂપવાળા જગત્‌માં પૂર્વની પેઠે સત્યપણાની બુદ્ધિ રહેતી નથી, પણ આત્મસ્વરૂપથી અભિન્ન બ્રહ્મમાં હુંપણાની ને તે બ્રહ્મમાં જ સત્યપણાની બુદ્ધિ રહેછે. સ્થૂળ, સૂક્ષ્મ, ને કારણ એ ત્રણ શ-

રીરનાં નામો છે. સ્થૂળશરીર પૃથિવી, જળ, તેજ, વાયુ, ને આકાશ આ પંચીકૃત (સ્થૂળ) પંચભૂતોનું બનેલું છે. પાંચ કર્મેંદ્રિયો, પાંચ જ્ઞાનેંદ્રિયો, પાંચ પ્રાણ, ને ચાર અંતઃકરણ મળીને સૂક્ષ્મશરીર થાયછે. તે અપંચીકૃત (સૂક્ષ્મ) પાંચ ભૂતોનું બનેલું છે. વાણી, હાથ, પગ, ઉપસ્થ, ને ગુદા એ પાંચ કર્મેંદ્રિયો છે; શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીભ, ને નાસિકા એ પાંચ જ્ઞાનેંદ્રિયો છે; પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ને ઉદાન એ પાંચ પ્રાણોનાં નામ છે; ને મન, બુદ્ધિ, ચિત્ત, તથા અહંકાર એ ચાર અંતઃકરણનાં નામો છે. મલિનસત્ત્વ અથવા અવિદ્યા કારણશરીર છે. તે સ્થૂળશરીર તથા સૂક્ષ્મશરીરનું કારણ હોવાથી કારણશરીર કહેવાયછે. એ ત્રણ શરીરમાં પાંચ કોશ છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, ને આનંદમય એ પાંચ કોશનાં નામો છે. અન્નમયઆદિ આત્માને આચ્છાદન કરેછે, માટે કોશ કહેવાયછે. સ્થૂળશરીર અન્નમયકોશ છે. માતપિતાએ ખાધેલા અન્નના કાર્યરૂપ લોહી તથા વીર્યમાંથી સ્થૂળશરીરની ઉત્પત્તિ થાયછે, અન્નવડે તેની સ્થિતિ થાયછે, અને અંતે અન્નના કારણ પૃથિવીમાં તેનો વિલય થાયછે, માટે સ્થૂળશરીર અન્નમયકોશ કહેવાયછે. પાંચ પ્રાણ ને પાંચ કર્મેંદ્રિયો મળીને પ્રાણમયકોશ થાયછે. આ કોશમાં ક્રિયાશક્તિવાળો પ્રાણ પ્રધાન હોવાથી આનું નામ પ્રાણમયકોશ કહેવાયછે. મન ને પાંચ જ્ઞાનેંદ્રિયો મળીને મનોમયકોશ થાયછે. મનની પ્રધાનતાવડે આ કોશનું નામ મનોમય પડેલું છે. બુદ્ધિ ને પાંચ જ્ઞાનેંદ્રિયો મળીને વિજ્ઞાનમયકોશ થાયછે. બુદ્ધિના પ્રાધાન્યથી આ કોશ વિજ્ઞાનમય કહેવાયછે. કારણશરીર આનંદમયકોશ કહેવાયછે. આ કોશ આનંદથી ભરપૂર હોવાથી આનંદમય કહેવાયછે. જિજ્ઞાસુ અન્ય પદાર્થમાંથી હુંપણાની બુદ્ધિ ત્યજીને પ્રથમ અન્નમયકોશમાં હુંપણાની

બુદ્ધિ કરે, પછી અન્નમયકોશમાંથી હુંપણાની બુદ્ધિ ત્યજી પ્રાણમયકોશમાં હુંપણાની બુદ્ધિ કરે, પશ્ચાત્ તેમાંથી હુંપણાની બુદ્ધિ ત્યજી મનોમયકોશમાં હુંપણાની બુદ્ધિ કરે, પછી તે કોશમાંથી હુંપણાની બુદ્ધિનો ત્યાગ કરી વિજ્ઞાનમયકોશમાં હુંપણાની બુદ્ધિ સ્થિર કરે, પશ્ચાત્ વિજ્ઞાનમયકોશમાંથી હુંપણાની બુદ્ધિ છોડી દઇ આનંદમયકોશમાં હુંપણાની બુદ્ધિ સ્થાપન કરે, ત્યારપછી તે આનંદમયકોશમાંથી હુંપણાની—આત્માની—બુદ્ધિનો સારી રીતે ત્યાગ કરી તેના અધિષ્ઠાનરૂપ અંતરાત્મામાં હુંપણાની બુદ્ધિ સુસ્થિર કરે, ને તેનો બ્રહ્મથી અભેદ છે એમ નિશ્ચય કરે. એવીરીતે જીવતાં છતાં જ તથા દૃસ્યપ્રપંચ વિદ્યમાન છતાં જ, જે તે સર્વેનો બાધ કરી આત્મસ્વરૂપમાં વિશ્રાંતિ પામે તે જીવન્મુક્ત કહેવાયછે.

જેમને દૃસ્યપ્રપંચ પ્રતીત થાયછે, અને તે શામાંથી કેવે ક્રમે ઉપજ્યો હશે, એ જાણવાની ઇચ્છા થાયછે, તેમના સમાધાનમાટે શાસ્ત્રો આ પ્રમાણે કહેછે:—

નામરૂપાદિ વિશેષોથી રહિત જે કાંઇક છે તેને અન્યને નામના પ્રયોગવિના વસ્તુ સમજાય નહિ, માટે શુદ્ધચૈતન્ય વા બ્રહ્મ કહેવામાં આવેછે. જીવોનાં કર્મો ફળ દેવા તત્પર થાય ત્યારે તે બ્રહ્મને આશરે રહેલી માયામાંથી ( સર્વ જડસમૂહના ઉપાદાનકારણરૂપ સૂક્ષ્મતર દ્રવ્યમાંથી ) આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી તેજ, તેજમાંથી જળ, ને જળમાંથી પૃથિવી ઉપજેછે. એ સૂક્ષ્મ પાંચે ભૂતો પરસ્પરમાં મિશ્ર થવાથી સ્થૂળભૂતો ઉપજેછે. એ સ્થૂળભૂતોમાંથી ભૌતિકપદાર્થો ઉપજેછે. એવીરીતે બ્રહ્મના વિવર્તરૂપ ને માયાના પરિણામરૂપ આ જગત્ છે. અધિષ્ઠાનથી વિપરીતસત્તાવાળું અન્યથાસ્વરૂપ વિવર્ત કહેવાયછે, અને ઉપાદાનકારણથી સમસત્તાવાળું અન્યથાસ્વરૂપ

પરિણામ કહેવાયછે, અધિષ્ઠાન જે બ્રહ્મ તેની પારમાર્થિકસત્તા છે, ને જગતની વ્યાવહારિકસત્તા છે, તેથી અધિષ્ઠાનરૂપ બ્રહ્મથી જગત્ વિપરીતસત્તાવાળું છે. બ્રહ્મનો સ્વભાવ સત્, ચિત્, ને આનંદ છે, અને જગત્નો સ્વભાવ અસત્,જડ, ને દુઃખ છે, તેથી બ્રહ્મથી જગત્ અન્યથાસ્વરૂપવાળું છે, માયાની વ્યાવહારિકસત્તા છે, અને જગત્ની પણ વ્યાવહારિકસત્તા છે, તેથી ઉપાદાનકારણરૂપ માયાથી જગત્ની સમસત્તા છે, માયા સાવયવનિરવયવથી વિલક્ષણસ્વરૂપવાળી છે, ને જગત્ સાવયવસ્વરૂપવાળું છે, તેથી જગત્ માયાથી બીજા પ્રકારના સ્વરૂપવાળું છે. સત્તા ત્રણ પ્રકારની છે, પારમાર્થિક, વ્યાવહારિક, ને પ્રાતિભાસિક. ત્રણે કાળમાં એકરૂપે રહેનારી સત્તા પારમાર્થિકસત્તા કહેવાયછે. બ્રહ્મની પારમાર્થિકસત્તા છે. મધ્યકાળમાં લાંબા સમયસુધી રહેનારી સત્તા વ્યાવહારિકસત્તા કહેવાયછે. ઇશ્વરના સંકલ્પથી રચાયેલું ને પ્રલયકાળપર્યંત રહેનારું આ નામરૂપાત્મક જગત્ વ્યાવહારિકસત્તાવાળું છે. માત્ર પ્રતીતિકાળે જ રહેનારી સત્તા પ્રાતિભાસિક કહેવાયછે. ભ્રાંતિકાળમાં, મનોરાજ્યમાં, ને સ્વપ્નમાં પ્રતીત થતા પદાર્થો પ્રાતિભાસિક છે.

વસ્તુમાં અવસ્તુનો આરોપ તે અધ્યારોપ કહેવાયછે. બ્રહ્મમાં જગત્નો અધ્યારોપ છે. આરોપિતને દૂર કરી મૂળવસ્તુને ઓળખવી તે અપવાદ કહેવાયછે. જગત્નો અપવાદ–પ્રપંચ પ્રતીત થાય તે છતાં પણ તેના નામરૂપનો બાધ–કરવાથી બ્રહ્મનું જ્ઞાન થાયછે. લયચિંતનથી પણ બ્રહ્મનું જ્ઞાન થાયછે. તે લયચિંતન આવીરીતે કરવું:– કાર્યકારણનો અભેદ હોવાથી સર્વે પાર્થિવ પદાર્થો પૃથિવીથી ભિન્ન નથી એમ ચિંતવવું. એ પૃથિવીની જળમાંથી ઉત્પત્તિ થઈ છે, તેથી

પૃથિવીતત્ત્વ ને જળનાં અન્ય કાર્ય જળરૂપ છે એમ ચિંતન કરવું. જળતત્ત્વ તેજસ્તત્ત્વમાંથી ઉપજ્યું છે, માટે જળતત્ત્વ તથા તેજસ્તત્ત્વનાં અન્ય કાર્ય તેજોરૂપ છે એમ ચિંતવવું. તેજસ્તત્ત્વ વાયુમાંથી ઉપજ્યું છે, માટે તેજસ્તત્ત્વ ને વાયુનાં અન્ય કાર્યનો વાયુથી અભેદ છે એમ ચિંતન કરવું. વાયુની આકાશમાંથી ઉત્પત્તિ થઇ છે, માટે વાયુ આકાશથી ભિન્ન નથી એમ ચિંતવવું, ને તે આકાશ માયામાંથી ઉપજ્યું છે, માટે તેનો માયાથી અભેદ છે એમ ચિંતન કરવું, અને એ માયા બ્રહ્મમાં કલ્પિત છે, માટે બ્રહ્મથી તેનો અભેદ છે એમ ચિંતન કરવું, એવીરીતે બ્રહ્માકારવૃત્તિને સ્થિર કર્યાપછી વૃત્તિ અન્ય પદાર્થાકાર થાય તો વળી પાછું લયચિંતન કરી તેને બ્રહ્માકાર કરવી.

સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં વાદવિવાદ કરવો જિજ્ઞાસુને ઉચિત નથી. પ્રતીત થતું જગત્ મિથ્યા છે, ને તેના અધિષ્ઠાનરૂપ બ્રહ્મ સત્ય છે, એમ જો અંતે સ્વીકારવાનું છે તો કલ્પિતની ગમે તે રીતે ઉત્પત્તિ સ્વીકારતાં વિરોધ નથી. પોતાને જિજ્ઞાસુ માનનાર પોતાના અલ્પ સમય રહેનારા જીવનમાં પ્રયોજનવિનાની વાતો જાણવામાં જ પોતાના સમયનો ઉપયોગ કરે ને અવશ્ય જાણવાયોગ્ય વાતો જાણવામાં તથા પ્રાપ્ત કરવાયોગ્યની પ્રાપ્તિમાટેના કર્તવ્યમાં લક્ષ્ય આપે નહિ તો તે પોતાને હાનિ કરેછે. જેમ કોઇ માણસ અરણ્યમાં ચાલ્યો જતો હોય તેને કોઇ વિષવાળું તીર મારે તેથી તે ઘાયલ થાય, ને તેને તેના સંબંધિજનો સમીપના ગામમાં લઇ જઇ તે તીર કાઢી નાંખવા તથા તેની સારવાર કરવામાટે કોઇ વૈદ્યને બોલાવે. તે વૈદ્ય આવી તીર કાઢવા લાગે, ત્યારે જેને તીર વાગ્યું છે તે માણસ વૈદ્યને કહે કે “મારા પ્રશ્નોનાં ઉત્તર આપી પછી તીર કાઢો, ને ઉપાય કરો.”

એમ કહી તેને આવા પ્રશ્નો કરે કેઃ—"મને તીર મારનાર બ્રાહ્મણ હતો ? ક્ષત્રિય હતો ? વૈશ્ય હતો ? કે શૂદ્ર હતો ? તે શરીરે ગૌરવર્ણનો હતો કે શ્યામવર્ણનો હતો ? તે પાતળો કે જાડો હતો ? તે શરીરે ઉંચો હતો કે નીચો ? તેનું ધનુષ્ કયા અરણ્યના વાંસમાંથી કયારે ને કોણે બનાવેલું છે ? તેની પણુછ કોણે કયારે ને શામાંથી બનાવી છે ? આ તીર કયા અરણ્યમાંથી કોણે ને કયારે બનાવેલ છે ? આ ફળું કોણે ને કયારે ઘડ્યું ? તથા આ ફળાને તીરની સાથે કોણે ને કયારે જોડ્યું ? આ ફળાને વિષ કેવા પ્રકારનું કોણે ને કયારે પાયું ? મારાથી કેટલે દૂર રહી તેણે મારાપર તીર ફેંક્યું ? શામાટે તેણે મારાપર તીર ફેંક્યું ? તે માણસ આ વેળાએ કયાં હશે ? તે માણસના ઘરમાં કેટલાં માણસો છે ? તે માણસ જે ગામમાં રહેછે તે ગામ કયારે ને કોણે વસાવ્યું ? ને તેમાં હમણાં, કેટલી વસતિ છે ? " વૈદ્ય તેના આ પ્રશ્નોનાં ઉત્તરો કરવા બેસે તે ઠીક છે ? કે તેના શરીરમાં પેઠેલું તીર કાઢી નાંખી તે ઘાપર વિષને દૂર કરનારું તથા ઘાને રુઝવી નાંખનારું ઔષધ લગાડે તે ઠીક છે ? સમજુ માણસ તો એમ જ કહેશે કે તે માણસે પૂછેલા સર્વ પ્રશ્નો નિરર્થક છે, માત્ર તેણે તો વૈદ્યને તીર કાઢવા દઈ યોગ્ય ઔષધ કરવા દેવું હતું. અહિં સિદ્ધાંતમાં પણ સાધકને હૃદયમાં જે અજ્ઞાનરૂપી તીર વાગ્યું છે, તે સદ્ગુરુરૂપ વૈદ્યદ્વારા કઢાવી નાંખવું છે, પણ નિરુપયોગી પ્રશ્નો કરી કાળક્ષેપ કરવાનો નથી.

પ્રત્યગભિન્ન બ્રહ્મતત્ત્વનો અનુભવ કરનાર જીવન્મુક્તની બાહ્ય સ્થિતિ તેમના પ્રારબ્ધાનુસાર સોપાધિક કે નિરુપાધિક હોયછે. ઉપાધિવાળી સ્થિતિમાં રહેનારા જીવન્મુક્તોને જીવન્મુક્તિના વિલક્ષણ આ-

નંદનો લાભ થોડો મળેછે, ને ઉપાધિરહિત વા ન્યૂનઉપાધિવાળી સ્થિતિમાં રહેનારા જીવન્મુક્તોને જીવન્મુક્તિના વિલક્ષણઆનંદનો લાભ વધારે મળેછે. કૈવલ્ય વા મોક્ષનો લાભ તો બંનેને સમાન જ થાયછે. જીવન્મુક્તપુરુષ સર્વજગતને સ્વપ્નસમાન જુએછે, તેમની વૃત્તિ ક્યારેક પ્રધાનપણે બ્રહ્માકાર ને ક્યારેક ગૌણપણે બ્રહ્માકાર રહેછે. પ્રારબ્ધ સમાપ્ત થવાથી તેમનો દેહ પડેછે, ને તેમની બ્રહ્મરૂપે સ્થિતિ થાયછે.

**શ્રીપાતંજલયોગદર્શનઃ**—બીજી આવૃત્તિઃ-આ ગ્રંથમાં ભગવાન્‌પતંજલિમુનિકૃત સંસ્કૃતસૂત્રો, પદબોધિની ટીકા, સૂત્રોનો ભાવાર્થ, અને તેઉપર વિસ્તારપૂર્વક વિવેચન આપવામાં આવેલું છે. મૂલ્ય પાકાપુંઠાવાળાનું રૂ. ૨-૮-૦ ને કાચાપુંઠાવાળાનું રૂ. ૨-૦-૦.

**શ્રીમદ્‌ભગવદ્‌ગીતા:**—શ્રીરહસ્યદીપિકાનામની ગુજરાતીટીકાસહિતઃ-આ ગ્રંથમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના મૂળશ્લોક, શબ્દાર્થ, ને વિસ્તૃત ટીકા આપવામાં આવેલાં છે. પહેલી આવૃત્તિની સર્વે પ્રતો ખપી જવાથી ને ગ્રાહકોની ચાલુ માંગણી રહેવાથી વધારા સુધારાસાથેની આ બીજી આવૃત્તિ છપાયછે. મૂલ્ય પાકાપુંઠાવાળા પુસ્તકનું રૂ. ૨-૮-૦.

**સરલાટીકાસહિત ભગવદ્‌ગીતાઃ**—તેમાં વર્ણાનુક્રમથી આધ્યાત્મિકઅર્થો, ઋષિછંદાદિનું વિવેચન, ન્યાસનો વિવેચનસહિત અર્થ, ધ્યાનના શ્લોકો અર્થસહિત, અઢાર અધ્યાયના શ્લોકો તથા તેમનો સંપૂર્ણ અર્થ, અર્થસહિત ગીતામાહાત્મ્ય, ને શ્લોકોનો વર્ણાનુક્રમઆદિ છે. રેશમી પુંઠાવાળો ગુટકો. મૂલ્ય રૂ. ૦-૭-૬.

**શ્રીઉપનિષદોઃ**—શ્રીમન્ મહાત્મા શ્રીનથુરામશર્માપ્રણીત તાત્પર્યદીપિકાટીકાસહિત. ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, કારિકાસહિત માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, ને શ્વેતાશ્વતર એ ઉપનિષદો ટીકાસહિત તથા બીજી ૧૦૭ ઉપનિષદોનો સાર આ ગ્રંથમાં છે. વેદાંતનું રહસ્ય જાણી તે પ્રમાણે વર્તી કૃતાર્થ થવા ઇચ્છનારને આ ગ્રંથ પરમ ઉપયોગી છે. મૂલ્ય રૂ. ૬-૦-૦ ડાકખર્ચ જુદું.

ઉપરના ગ્રંથો મળવાનું ઠેકાણુંઃ—

**આનંદજી વહાલજી વકીલ.**

**પોરબંદર—કાઠિયાવાડ.**

